પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૭-૦૩-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઘરેલુ ગેસ સિલીન્ડરમાં રૂ. ૬૦ , કોમર્શિયલમાં ૧૧૫નો વધારો

## ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ ગેસના ભાવમાં રાતોરાત ભાવ વધારો લાગુ કરી દેતા મધ્ય-પૂર્વ યુદ્ધની આગ ભારતના રસોડા સુધી પહોંચી

નવી દિલ્હી, તા. ૭

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના આક્રમણના કારણે ક્રુડતેલ-ગેસની સર્જાયેલી કટોકટી ભારતમાં મોંઘવારીનો બોમ્બ ફાટશે તેવી ચિંતા એક સપ્તાહમાં જ સાચી પડી છે. પરીસ્થિતિ નિયંત્રણમાં છે અને લોકોને મુશ્કેલી નહી પડવા દેવાય તેવા સરકારના દાવા વચ્ચે સરકારની મંજુરીની ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ ઘરેલુ વપરાશના ૧૪.૨ કિલોના એલપીજી-રાંધણગેસ સિલીન્ડર તથા ૧૯ કિલોના વ્યાપારી ઉપયોગના રાંધણગેસ સિલીન્ડરના આજથી જ અમલી બને તે રીતે મોટો ભાવ વધારો ઝીકી દીધો છે.આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડતેલના ભાવ જે રીતે હવે સતત ઉંચા જઈ રહ્યા છે તેથી પેટ્રોલ-ડિઝલના ભાવમાં પણ મોટો વધારો તોળાઈ રહ્યા છે.



પાઈપલાઈનથી અપાતા ઘરેલું રાંધણ ગેસના ભાવ પણ વધશે તે નિશ્ચિત છે.

ખાસ કરીને પેટ્રોલ-ડિઝલના ભાવવધારાથી પરિવહન ખર્ચ વધતા જ મોંઘવારી વધુ આગ ઓકશે તે નિશ્ચિત છે. મધરાતે ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ જાહેર કર્યા મુજબ ૧૪.૨ કિલોના નાના સબ્સીડાઈઝ એલપીજી જે વ્યાપક વપરાશમાં ઘરે ઘરે પહોંચે છે તેના ભાવ રૂા.૬૦ પ્રતિ સિલિન્ડર વધારી દેતા હવે દિલ્હીમાં આ ગેસ સિલિન્ડર જે આજથી ડિલીવર થશે તેના નવા ભાવ રૂા.૯૧૩ થયા છે.૧૧ માસમાં આ બીજો વધારો છે. અગાઉ એપ્રિલમાં રૂા.૫૦નો ભાવ વધારો નોંધાયો હતો તો ૧૯ કિલોના વ્યાપારી ઉપયોગના સિલીન્ડરના ભાવમાં રૂા.૧૧૫નો વધારો

અનુસંધાન પાના ૭ પર

## મધ્ય-પૂર્વે યુદ્ધને પગલે મોંઘવારીમાં વધારો થશે

### યુદ્ધના કારણે ભારતની આયાત અને વિકાસને પણ અસર થશે

નવી દિલ્હી, તા. ૭૨

અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત રીતે ઈરાન પર આક્રમણ તથા ગલ્ફના દેશો પણ હવે ઈરાનના આક્રમણનો ભોગ બનવાનું અને તેના કારણે ક્રુડતેલની ગેસના ભાવ વધવા લાગતા તથા પુરવઠાની પણ સર્જાયેલી અનિશ્ચિતતાથી દેશમાં મોંઘવારીનો ગ્રાફ ફરી સડસડાટ ઉંચો જવા લાગશે તે નિશ્ચિત છે.ખાસ કરીને અગાઉ જ ટેરીફવોરથી ડોલર સામે રૂપિયો નબળો પડશે. ૯૦ની સપાટી વટાવીથી હવે ભારતની નિકાસ પર પણ દબાણ છે અને આયાત વધુ મોંઘી બનશે. આંતરરાષ્ટ્રીય રેટીંગ એજન્સી મુડીસના જણાવ્યા મુજબ ક્રુડતેલ તથા ગેસની ભારતની આયાત પર જ નિર્ભરતાથી જોખમ વધ્યુ છે.

અનુસંધાન પાના ૭ પર

# ઈરાન પર સૌથી મોટો હુમલો કરવા અમેરિકા સજ્જ

## આજે રાત્રે ઈરાનનો ખાત્મો બોલાવી દેશું : અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કરવામાં આવશે : અમેરિકા

નવી દિલ્હી, તા. ૭

આજેઅમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો આઠમો દિવસ છે. આ દરમિયાન, યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે શનિવારે ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતા કહ્યું કે આજેરાત્રે ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કરવામાં આવશે.

તેમણે કહ્યું કે આ હુમલાઓનો હેતુ ઈરાનના મિસાઈલ લોન્ચર્સ અને મિસાઈલ બનાવતી ફેક્ટરીઓને નોંધપાત્ર નુકસાન પહોંચાડવાનો છે, આ કાર્યવાહી ઈરાનની મિસાઈલ ક્ષમતાને નોંધપાત્ર રીતે નબળી પાડશે. શુક્રવારે મોડી રાત્રે ઈઝરાયલે તેહરાનના મેહરાબાદ એરપોર્ટ પર હવાઈ હુમલો કર્યો, જેના કારણે આગ અને ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા.આ દરમિયાન યુદ્ધ વચ્ચે ઈરાનમાં ભૂકંપ આવ્યો છે. યુએસ જીઓલોજિકલ સર્વે (USGS) મુજબ, શનિવારે ઈરાનના દરિયાકાંઠાના શહેર બંદર અબ્બાસના પશ્ચિમી વિસ્તારમાં ૪.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા છે.આ દરમિયાન, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ઈઝરાયલને આશરે ઈ૧૫૧.૮ મિલિયનના શસ્ત્રો અને લશ્કરી સહાયને મંજૂરી આપી છે. વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ઈમરજન્સીના કારણે આ લશ્કરી સાધનો તાત્કાલિક જરૂરી બન્યા હતા. ઈઝરાયેલી મીડિયા આઉટલેટ વિનીત અનુસાર, કટોકટી પેકેજમાં ૧૨,૦૦૦ BLU-૧૧૦A/B બોમ્બ, લોજિસ્ટિકલ સહાય અને અન્ય સહાયક સેવાઓનો સમાવેશ થાય છે.આ દરમિયાન સમાચાર છે કે રશિયા જંગ દરમિયાન ઈરાનને ગુપ્તચર મદદ આપી રહ્યું છે. મોસ્કોએ ઈરાનને મિડલ-ઈસ્ટમાં હાજર અમેરિકી યુદ્ધ જહાજો અને સૈન્ય વિમાનોના લોકેશન સાથે જોડાયેલી માહિતી પૂરી પાડી છે.

વોશિંગ્ટન પોસ્ટ દ્વારા ત્રણ અમેરિકી અધિકારીઓના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે રશિયા ઈરાનને એવી ટાર્ગેટિંગ ઈન્ટેલિજન્સ આપી રહ્યું છે, જેનાથી તે અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી શકે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા અઠવાડિયે

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધ જહાજ લીંકન પર ડ્રોનથી બોમ્બ ફેકાયા

નવી દિલ્હી, તા. ૭

અમેરિકાએ ઈઝરાયેલના આક્રમણનો મુકાબલો કરી રહેલા ઈરાન પણ આકરો જવાબ આપી રહ્યું છે અને ઈઝરાયેલના જેરૂ સલામમાં ઈરાને દાગેલા મિસાઈલના જબરા વિસ્ફોટ સાંભળવામાં આવી રહ્યુ છે તો બીજી તરફ ઈરાને દુબઈ તથા સાઉદી અરેબીયામાં પણ તેના આક્રમણને તેજ બનાવ્યુ છે.દુબઈમાં બે વિસ્ફોટ સંભળાયા છે. તહેરાન પાસે પણ મિસાઈલ હુમલો થયો છે. ખાસ કરીને દુબઈના વિમાની મથક પાસે જ એક મિસાઈલ હુમલો થયો છે અને ઈરાન દુબઈ તથા યુએઈના ઈન્ફ્રાસ્ટ્રકચર પુલોને ભારે નિશાન બનાવ્યુ છે.

## યુદ્ધ વચ્ચે ઈરાનમાં ફરી ૪.૧ની તિવ્રતાનો ભૂકંપ

નવી દિલ્હી, તા. ૭

અમેરિકા-ઈઝરાયેલના ભીષણ આક્રમણ વચ્ચે આજે ઈરાનની ધરતી ફરી વખત ધણધણી હતી. ૪.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા ફફડાટ ફેલાયો હતો.

અમેરિકી સિસ્મોલોજી સેન્ટરના રીપોર્ટ પ્રમાણે ઈરાનના તટીય શહેર બંદર અબ્બાસના પશ્ચિમ ક્ષેત્રમાં ભૂકંપનો આ આંચકો અનુભવાયો હતો. ચાર દિવસ પૂર્વે પણ ભૂકંપ અનુભવાયો હતો. યુધ્ધ વચ્ચે ઈરાને અણુ પરીક્ષણ કર્યાની શંકા સાથે અનેકવિધ તર્કવિતર્ક પણ વ્યક્ત થવા લાગ્યા હતા.

## અમેરિકાની રડાર સિસ્ટમ પર ઈરાને કરેલો વજઘાત

નવી દિલ્હી, તા. ૭

મિડલ ઈસ્ટના યુદ્ધમાં એક અત્યંત ચોંકાવનારો વળાંક આવ્યો છે. સેટેલાઈટ તસવીરો પરથી ખુલાસો થયો છે કે ઈરાને અમેરિકાની સૌથી સુરક્ષિત ગણાતી એર ડિફેન્સ સિસ્ટમ THAAD (થાડ) ને નિશાન બનાવી છે. જોર્ડન, સાઉદી અરેબિયા અને યુએઈ (UAE) માં આવેલા અમેરિકન રડાર બેઝ પર ઈરાને સચોટ હુમલા કરીને અમેરિકાના 'સંરક્ષણ કવચ' માં ગાબડું પાડ્યું છે. અમેરિકાએ ઓપરેશન એપિક ફ્યુરી વિશે એક અઠવાડિયાની કાર્યવાહીની વિગતો જાહેર કરતાં એક વીડિયો શેર કર્યો છે. તેની સાથે કેપ્શનમાં દાવો કર્યો છે કે અમે ઈરાનમાં એક અઠવાડિયાની કાર્યવાહી દરમિયાન ૩૦૦૦થી વધુ ટારગેટ પર હુમલા કર્યા હતા.





## ખામેનેઈના એક્સ એકાઉન્ટ પરથી ઈઝરાયેલને ધમકી

### ઝિયોનિસ્ટ શાસને મોટી ભૂલ કરી છે : ઈરાન

નવી દિલ્હી, તા. ૭

ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈના મોત બાદ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી કરવામાં આવેલી પ્રથમ પોસ્ટે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આ પોસ્ટમાં ઈઝરાયેલને ગંભીર ચેતવણી આપવામાં આવી છે અને સાથે જ એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી તસવીર પણ શેર કરવામાં આવી છે.ખામેનેઈના સત્તાવાર એક્સ એકાઉન્ટ પરથી શેર કરવામાં આવેલી આ એઆઈ તસવીરમાં મિસાઈલ નિર્માણની પ્રક્રિયાથી લઈને તેને લોન્ચ કરવા સુધીના તમામ તબક્કાઓ દર્શાવવામાં આવ્યા છે.

# પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યા કેસમાં રામ રહીમ નિર્દોષ જાહેર

### રામ રહીમનો છુટકારો અને અન્ય ત્રણની સજા યથાવત રાખતી હાઈકોર્ટ

નવી દિલ્હી, તા. ૭

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યા કેસમાં ડેરા સચ્ચા સૌદાના રામ રહીમને નિર્દોષ જાહેર કર્યો છે. જોકે, કોર્ટે ૩ આરોપીઓ કુલદીપ સિંહ, નિર્મલ સિંહ અને કૃષ્ણ લાલની સજાને યથાવત રાખી છે.

આ પહેલા ૧૭ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પંચકુલાની સ્પેશિયલ CBI કોર્ટે રામ રહીમ સહિત બાકીના તમામ આરોપીઓને ૭ વર્ષની કેદની સજા સંભળાવી હતી. જેની વિરુદ્ધ આરોપીઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી.

ચુકાદો સંભળાવતા હાઈકોર્ટે કહ્યું કે આ હત્યા કેસમાં રામ રહીમ ષડયંત્રકારી હોવાના પૂરતા પુરાવા નથી. જેના કારણે રામ રહીમને નિર્દોષ છોડી મૂકવામાં આવે છે.

રામ રહીમ આ પહેલા ડેરા મેનેજર રણજીત હત્યા કેસમાં પહેલા જ હાઈકોર્ટમાંથી નિર્દોષ છૂટી ચૂક્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટમાં CBIએ આને પડકાર્યો છે.

જોકે, રામ રહીમને સાધ્વીઓના યૌન શોષણ કેસમાં ૧૦ વર્ષની કેદની સજા થઈ છે. આ કારણે રામ રહીમને હજુ જેલમાં જ રહેવું પડશે.

પત્રકાર રામચંદ્ર છત્રપતિએ પોતાના અખબારમાં ડેરા સાથે જોડાયેલા કેટલાક ગંભીર આરોપો પ્રકાશિત કર્યા હતા, ત્યારબાદ વર્ષ ૨૦૦૨માં તેમની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે ખૂબ હોબાળો થયો હતો. ત્યારબાદ મામલાની તપાસ CBIને સોંપવામાં આવી હતી. CBIની સ્પેશિયલ કોર્ટે લાંબી સુનાવણી બાદ મામલામાં ડેરા મુખી સહિત અન્ય આરોપીઓને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા સંભળાવી હતી. આ નિર્ણય વિરુદ્ધ તમામ દોષિતોએ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

# નેપાળ ચૂંટણીમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીનો વિજય : ભારત વિરોધીનો સફાયો

### નેપાળના વડાપ્રધાન બનશે બાલેન શાહ

નવી દિલ્હી, તા. ૭

નેપાળમાં સામાન્ય ચૂંટણીની મતગણતરી ચાલુ છે. ૧૬૫ બેઠકો પર પ્રારંભિક વલણો આવી ગયા છે. રેપર અને કાઠમંડુના મેયર રહેલા બાલેન શાહની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે.

RSPએ અત્યાર સુધીમાં ૩૦ બેઠકો જીતી લીધી છે, જ્યારે ૮૭ પર આગળ ચાલી રહી છે. આ પાર્ટી માત્ર ૪ વર્ષ પહેલા એક પત્રકાર રહેલા રબી લામિછાનેએ બનાવી હતી.જ્યારે પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીની પાર્ટી CPN-UML એ અત્યાર સુધીમાં માત્ર ૨ બેઠકો જીતી છે, જ્યારે માત્ર ૯ બેઠકો પર આગળ છે.કેપી ઓલી પોતે પણ ઝાપા-૫ બેઠક પર બાલેન શાહથી ૨૫ હજાર મતોથી પાછળ ચાલી રહ્યા છે. તેમને માત્ર ૧૦ હજાર મત મળ્યા છે, જ્યારે બાલેન શાહને ૩૯ હજારથી વધુ મત મળી ચૂક્યા છે. ઓલીએ ઝાપા-૫ બેઠક પરથી ૨૦૧૭ અને ૨૦૨૨ની ચૂંટણી જીતી હતી.ગયા વર્ષે સપ્ટેમ્બરમાં થયેલા હિંસક પ્રદર્શનો પછી ૫ માર્ચે થયેલી ચૂંટણીમાં ૫૮% લોકોએ મતદાન કર્યું. મતોની ગણતરી પૂરી થવામાં ૩ થી ૪ દિવસ લાગવાની શક્યતા છે. ચૂંટણી પંચે કહ્યું છે કે ૯ માર્ચ સુધીમાં મતગણતરી પૂરી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.નેપાળમાં ચૂંટણી વ્યવસ્થા મિશ્ર ચૂંટણી વ્યવસ્થા પર આધારિત છે. એટલે કે અહીં બે રીતે સાંસદોની પસંદગી થાય છે - સીધી ચૂંટણી દ્વારા અને પાર્ટીને મળેલા કુલ મતોના આધારે.સંસદની ૨૭૫ માંથી ૧૬૫ બેઠકો પર સીધી ચૂંટણી થાય છે. દરેક વિસ્તાર (ચૂંટણી ક્ષેત્ર) માં લોકો પોતાના ઉમેદવારને મત આપે છે. જે ઉમેદવારને સૌથી વધુ મત મળે છે, તે જ જીતે છે.

અનુસંધાન પાના ૭ પર

# શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદનું કાશીથી 'ધર્મ યુદ્ધ' આંદોલન

### ગાયોને રાષ્ટ્રમાતાનો દરજ્જાની માંગ સાથે શંકરાચાર્યની પદયાત્રા

નવી દિલ્હી, તા. ૭

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ શનિવારે કાશીથી 'ધર્મ યુદ્ધ' નામથી આંદોલનની શરૂઆત કરી. ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ સાથે શરૂ કરાયેલી યાત્રા ૧૧ માર્ચે લખનઉ પહોંચશે. શંકરાચાર્ય અહીં ''ગો પ્રતિષ્ઠા ધર્મયુદ્ધ સભા'' કરશે.

યાત્રા દરમિયાન લોકોને પોસ્ટર વહેંચવામાં આવ્યા. તેમાં લખ્યું હતું- ''જીંદા હિન્દુ લખનઉ ચલે''. આ પહેલા, ૫૦૦થી વધુ ભક્તોની ભીડ વચ્ચે શંકરાચાર્યએ ગાયની પૂજા કરી. મઠમાંથી પાલખીમાં સવાર થઈને પહેલા ચિંતામણિ ગણેશ મંદિર અને પછી સંકટમોચન મંદિર પહોંચ્યા. પૂજા-અર્ચના અને હનુમાન ચાલીસાનો પાઠ કર્યા.

યાત્રા દરમિયાન શંકરાચાર્યએ મીડિયાને કહ્યું- એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ વાત છે કે ધર્મ યુદ્ધ માટે નીકળવું પડી રહ્યું છે. પોતાના જ દેશમાં, પોતાના જ મતથી ચૂંટાયેલી સરકાર સામે, પોતાની જ ગૌમાતાને બચાવવા માટે આપણે લોકોને આંદોલન કરવું પડી રહ્યું છે.

ડેપ્યુટી CM કેશવ પ્રસાદ મૌર્યના સ્વાગતવાળા નિવેદન પર બોલ્યા- જેના મનમાં જે છે, આ જ મોકો છે, બોલી દે. જે ગાયના પક્ષમાં છે, તે બોલી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# પાક.માં પેટ્રોલના ભાવમાં સીધો ૫૫નો વધારો

### પાક.માં પેટ્રોલ ૩૩૬ અને ડીઝલ ૩૨૧ રૂપિયા પ્રતિ લિટરે વેચાણ

કરાચી, તા. ૭

પાકિસ્તાને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લગભગ ૨૦%નો વધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૫૫ રૂપિયા (પાકિસ્તાની રૂપિયો) સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

આ વધારા પછી પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત હવે પ્રતિ લિટર ૩૩૫.૮૬ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ડીઝલ પ્રતિ લિટર ૩૨૧.૧૭ રૂપિયાના સ્તરે પહોંચી ગયું છે.

સરકારનો તર્ક છે કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ તથા મિડલ ઈસ્ટમાં તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઝડપથી વધ્યા છે, જેના કારણે આ નિર્ણય લેવો પડ્યો છે.ભાવમાં વધારાના સમાચાર આવ્યા પછી તરત જ પાકિસ્તાનના મોટા શહેરો જેવા કે લાહોર અને કરાચીમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જામી ગઈ. લોકો કલાકો સુધી પોતાની વારાની રાહ જોતા જોવા મળ્યા. લોકોને ડર છે કે આવનારા દિવસોમાં ક્યાંક તેલની અછત ન સર્જાય.

પેટ્રોલની અછતની અફવાઓ અને જમાખોરીની ફરિયાદો વચ્ચે વડાપ્રધાન શાહબાઝ શરીફે કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે જે લોકો પેટ્રોલનો સ્ટોક છુપાવી રહ્યા છે, તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે સ્પષ્ટ કર્યું કે દેશમાં પેટ્રોલનો પૂરતો ભંડાર ઉપલબ્ધ છે.પાકિસ્તાન સરકારનું કહેવું છે કે તેઓ હાલના પેટ્રોલ રિઝર્વને લાંબા સમય સુધી ચલાવવાની યોજના બનાવી રહ્યા છે. મંત્રીએ કહ્યું કે અમને ખબર નથી કે મિડલ ઈસ્ટનું આ સંકટ ક્યારે સમાપ્ત થશે. સપ્લાય ચેઈન પર તેની અસર પડી શકે છે, તેથી આપણે અગાઉથી તૈયારી રાખવી પડશે.ભારતમાં પણ કેન્દ્ર સરકારે ૭ માર્ચથી ઘરેલુ ગેસ સિલિન્ડર ૬૦ રૂપિયા મોંઘો કર્યો છે. દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામનો LPG ગેસ હવે ૯૧૩ રૂપિયાનો મળશે. પહેલા તે ૮૫૩ રૂપિયાનો હતો. જ્યારે ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરમાં ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તે હવે ૧૮૮૩ રૂપિયાનો મળશે.સરકારે ૫ માર્ચે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરીને

અનુસંધાન પાના ૭ પર

# સોમવારથી સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો શરૂ થશે

### ગૃહમાં પહેલાજ દિવસે આવશે લોકસભા સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ

નવી દિલ્હી, તા. ૭

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો ૯ માર્ચથી શરૂ થઈને ૨ એપ્રિલ સુધી ચાલશે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ પોતાના લોકસભા સાંસદોને ૯ થી ૧૧ માર્ચ સુધી ગૃહમાં હાજર રહેવા માટે ૩-લાઈન વ્હીપ જાહેર કર્યો છે.ગ્રેસે પોતાના સાંસદોને કહ્યું છે કે તેઓ આ દિવસોમાં ગૃહમાં હાજર રહે કારણ કે લોકસભા સ્પીકરને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના છે. જ્યારે ભાજપે પણ સાંસદોને હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે.વિપક્ષે સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટે પ્રસ્તાવની નોટિસ આપી છે. વિપક્ષના ૧૧૮ સાંસદોએ આ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે. જોકે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદો (૨૯) એ આ નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી.

આરોપ છે કે સ્પીકરે ગૃહની કાર્યવાહી ચલાવવામાં પક્ષપાતી વલણ અપનાવ્યું અને વિપક્ષી નેતાઓને બોલવાની તક આપી નહીં.

નિયમો અનુસાર સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ લોકસભામાં સાધારણ બહુમતીથી પસાર થાય છે. વર્તમાન લોકસભામાં એનડીએ પાસે લગભગ ૨૯૦થી વધુ સાંસદોનું સમર્થન

અનુસંધાન પાના ૭ પર




# પોદાર પ્રીપ શાળામાં ભારે ઉત્સાહ સાથે રંગ પર્વ ઉજવાયું

## નાના બાળકોએ રંગો સાથે ભરપૂર ધુળેટી માણી

સુરત, તા.૭

સુરતઃ Podar Prep Jahangirabad Surat 2 ખાતે હોળીનો પાવન ઉત્સવ આ વર્ષે "Celebrate Life, Celebrate Colours" થીમ સાથે હર્ષોલ્લાસભેર ઉજવાયો. શાળાના નાનકડા બાળકોએ રંગો અને આનંદથી ભરપૂર આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઉજવણી દરમિયાન વિવિધ રમૂજી અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો સંપૂર્ણ રીતે જોડાયા. રંગોની રમતમાં મોજમસ્તી સાથે સાથે જીવનના સકારાત્મક મૂલ્યોનો સંદેશ પણ આપવામાં આવ્યો. સમગ્ર કેમ્પસમાં હાસ્ય, ઉર્જા, જિજ્ઞાસા અને આનંદની રંગબેરંગી છટા છવાઈ ગઈ હતી. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા સુરક્ષિત અને પર્યાવરણમિત્ર હોળી ઉજવવાનો સંદેશ આપવામાં આવ્યો. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોને એકતા, મિત્રતા અને ખુશીની ભાવનાથી ઉત્સવ ઉજવવાની પ્રેરણા આપવામાં આવી. હોળીની ઉજવણીના આ આનંદમય ક્ષણોને કેદ કરતી અમારા નાનકડા વિદ્યાર્થીઓની કેટલીક સુંદર ઝલકો અહીં રજૂ કરવામાં આવી છે, જે આ પ્રસંગની ખુશીના રંગોને ઉજાગર કરે છે.

# સ્મીમેર હોસ્પિટલમાં વિરામ બાદ ઓડીયોલોજી સેવાનો પુનઃ આરંભ

## શ્રવણ ક્ષતિ ધરાવતા દર્દીઓને સેવાનો લાભ મળશે

સુરત, તા.૭

સુરત શહેર માટે એક મહત્વપૂર્ણ અને સકારાત્મક વિકાસમાં, લાંબા વિરામ પછી સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (SMIMER) હોસ્પિટલમાં ઑડિયોલોજી સેવાઓ ફરી શરૂ કરવામાં આવી છે. ઘણા વર્ષોથી, શહેરની મુખ્ય સરકારી હોસ્પિટલો, જેમ કે સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (નવી સિવિલ હોસ્પિટલ, સુરત) અને SMIMER, માં વ્યવસ્થિત ઑડિયોલોજી સેવાઓનો અભાવ હતો, જેના કારણે શ્રવણ ક્ષતિ ધરાવતા ઘણા લોકો માટે યોગ્ય નિદાન અને માર્ગદર્શન મેળવવું મુશ્કેલ બન્યું હતું. તેથી, આ સેવાઓ ફરી શરૂ કરવી એ સમુદાયના સ્વાસ્થ્ય માટે એક મહત્વપૂર્ણ અને સ્વાગતપાત્ર પગલું માનવામાં આવે છે. ક્લિનિકલ સેવાઓ અને પ્રારંભિક ટ્રાયલ તબક્કો ૨ માર્ચ, ૨૦૨૬ ના રોજ શરૂ થયો છે, જેમાં શ્રવણ પરીક્ષણો, પરામર્શ અને લાયક ઑડિયોલોજિસ્ટ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. શ્રવણ ક્ષતિગ્રસ્ત દર્દીઓ, શ્રવણની તકલીફ અનુભવતા દર્દીઓ અને શ્રવણ તપાસ અથવા શ્રવણ વિકલાંગતા પ્રમાણપત્રની જરૂર હોય તેવા લોકો હવે SMIMER હોસ્પિટલમાં ઑડિયોલોજી સેવાઓનો લાભ લઈ શકે છે. આ પહેલ સમુદાય-આધારિત, સ્વૈચ્છિક સેવા તરીકે શરૂ કરવામાં આવી છે જેનો હેતુ સામાન્ય લોકોને - ખાસ કરીને સરકારી આરોગ્યસંભાળ સેવાઓ પર નિર્ભર લોકોને - સુલભ અને સસ્તું શ્રવણ આરોગ્યસંભાળ પૂરી પાડવાનો છે. SMIMER હોસ્પિટલમાં ઑડિયોલોજી સેવાઓ શરૂ થવાથી સુરત શહેર અને આસપાસના વિસ્તારોના ઘણા દર્દીઓને ફાયદો થવાની અપેક્ષા છે, અને તેને શહેર માટે એક મહત્વપૂર્ણ અને સકારાત્મક વિકાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.



## UPSC સિવિલ સર્વિસ-૨૦૨૫નું રિઝલ્ટ જાહેર

# ઉધનામાં સબ રજિસ્ટ્રાર કચેરીના મિહિર પટેલે એઆઈઆર ૭૦૯ સાથે મેળવી ઝળહળતી સિધ્ધિ

## UPSCમાં સફળતા માટે શિસ્તબદ્ધ નિયમિત તૈયારી, સકારાત્મક અપ્રોચ અને સારૂ મિત્ર વર્તુળ અત્યંત આવશ્યકઃ AIR ૭૦૯ મિહિર પટેલ

સુરત, તા.૭

UPSC(યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)એ આજેસિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૫નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. જેમાં સુરતમાં સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ તરીકે ફરજ બજાવતા મૂળ નવસારી જિલ્લાનાં ગણદેવી તાલુકાના નાંદરખા ગામના ૨૬ વર્ષીય મિહિર પટેલે ઓલ ઈન્ડિયા રેન્ક (AIR)૭૦૯ હાંસલકરીઝળહળતી સિદ્ધી મેળવી છે.

હાલ સુરત બહુમાળી ભવનમાં મદદનીશ નોંધણીસર નિરીક્ષકનીકચેરી-સુરતના તાબાહેઠળ નીસબ રજિસ્ટ્રાર કચેરી-ઉધનામાં સબ રજિસ્ટ્રાર(ગ્રેડ૧) વર્ગ-૩ તરીકે ફરજ બજાવતા શ્રીમિહિર રાજેન્દ્રભાઈ પટેલના પરિવારમાં મમ્મી અને મોટી બહેન છે. તેમણે વર્ષ ૨૦૨૦માં B.E R ITની સ્નાતક ડિગ્રી મેળવી એ જ વર્ષે અમદાવાદ સ્પીપામાં સિવિલ સર્વિસીસપરીક્ષાની તૈયારી માટે પ્રવેશ મેળવ્યો હતો. ૧ વાર નિષ્ફળતા, ૩ વાર પ્રિલિમ્સ પાસ કર્યા બાદ પાંચમાં પ્રયાસે મિહિરે AIR ૭૦૯ મેળવી પરિવારસહિતરાજ્યનેગૌરવ અપાવ્યું છે.

છેલ્લા ૬ વર્ષથી UPSCનીપરીક્ષાની તૈયારી કરતા મિહિરે કહ્યું કે, પિતાસ્વ.રાજેન્દ્રભાઈના આગ્રહથી હું નાનપણથી જ નિયમિત ન્યુઝપેપર વાંચતો હતો. અને તેમાં છપાતા કલેકટર કે કમિશનરના લેખોમાં તેમણે કરેલા અભ્યાસ, સંઘર્ષભર્યા પરિશ્રમથી ખૂબ પ્રેરણા મળતી હતી. કોલેજના અભ્યાસ દરમિયાન જનરલનોલેજ, કરંટ અફેર્સના વાંચનની ઘરેડ પાડી હતી. તેમણે કહ્યું કે, મારી મમ્મી સરકારી શાળામાં શિક્ષિકા છે અને મારા સ્વર્ગસ્થ પિતા હંમેશાથી મને મોટાં સરકારી અધિકારી બનાવવા માંગતા હતા. પરિવારેસતત મારા ધ્યેય તરફ આગળ વધવાની પ્રેરણા આપી હતી અને



આખરે સફળતા મળી છે. પોતાની વિશેષ તૈયારી માટે તેમણે કહ્યું કે, UPSCમાં સફળતા માટે શિસ્તબદ્ધ નિયમિત તૈયારી, સકારાત્મક અપ્રોચ અને સારું મિત્ર વર્તુળ અત્યંત આવશ્યક છે. શિસ્તબદ્ધ તૈયારી તમને અપડેટેડ રાખે છે. સકારાત્મક અપ્રોચ નિરાશાથી બચાવે છે અને સારું મિત્ર વર્તુળ સતત આગળ વધવા અને વધુ સારું કરવા પ્રોત્સાહન આપે છે. જે UPSC જેવી પરીક્ષામાં સફળતા મેળવવા મૂળ મંત્ર જેવા છે. મિહિરે કહ્યું કે, પરીક્ષાના સમય પ્રમાણે હું સાપ્તાહિક, માસિક અને દૈનિક આયોજન કરી વાંચન કરતો હતો. સાથે જ ભવિષ્યમાં UPSC સહિતની જાહેર સેવાઓને પરીક્ષાઓમાં સિદ્ધિમેળવવા ઈચ્છતા અન્ય યુવાઓને તેમણે સ્વનિરીક્ષણ અને સતત અપગ્રેડેશન સાથે પરિણામલક્ષી નહી, પરંતુ પ્રયત્નલક્ષી પરિશ્રમ કરવા શીખ આપી હતી. શ્રીમિહિર પટેલને મદદનીશ નોંધણી સર નિરીક્ષક ડૉ. દિવ્યેશ પટેલ, હેડ ક્વાર્ટર સબ રજીસ્ટ્રારશ્રી અજિતસિંહ રાઠોડ, સબ રજીસ્ટ્રાર ગ્રેડ -૦૧ અંજનાબેન મોંગલપરા અને નોંધણી પરિવારના અધિકારીઓ અને કર્મચારીઓ અનેમિત્રવર્તુળે ઝળહળતી સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# કચરા કૌભાંડમાં સુરતનું નામ બોળનારને શિરપાવ અપાયો : પાયલ સાકરીયા

## એવી તો કયા પ્રકારની મજબુરી હતી કે અંદાજે રૂ. ૨૧૫ કરોડના મહાકૌભાંડીને ફરીથી પાલિકાની તિંજોરી લુંટવાનો મોકો આપ્યો ? વિપક્ષ નેતા

સુરત, તા.૭

સુરત મહનગરપાલિકા વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ સ્થાયી સમિતિ ચેરમેનને પત્ર લખીને જણાવ્યું હતું કે, વર્ષ-૧૯૯૧ પછી સતત ભારતીય જનતા પાર્ટીનું એકહથ્થું શાસન ચાલી રહેલ છે, જે શાસનમાં સ્થાયી સમિતિ ચેરમેન દ્વારા હજી સુધી સારા દરજ્જાના ઈજારદારો પાલિકાના અબજો રૂપિયાના ટેન્ડર ભરી શકે તે મુજબની વહીવટી પારદર્શિતા લાવી શકેલ નથી. જે શરમજનક હકીકત છે.

પાયલ સાકરિયાએ વધુમાં જણાવ્યું હતું કે, સુરત મનપામાં અંદાજે રૂ. ૨૧૫ કરોડથી વધુના કચરા કૌભાંડી ઈજારદાર સી.ડી.કોન્ટ્રાકટરના માલિક એવા નુરૂદ્દીન દ્વારા ચલાવાતી વિવિધ ગેરરીતીઓને વિપક્ષ નેતા સહિત વિપક્ષના નગરસેવકો દ્વારા ઉજાગર કરવામાં આવેલ છે જે બદલ તમામ હકીકતોથી પાયલ સાકરિયા દ્વારા સુરત મહાનગરપાલિકાના શાસકો, ગુજરાત સરકાર અને વડાપ્રધાનશ્રી મોદીજીને પણ અગવત કરાવેલ છે., તેમ છતાં કયા કારણોસર સમગ્ર ભારત દેશમાં સુરત શહેરનું નામ બોળનાર સદર કામના ઈજારદાર નુરૂદ્દીન સામે ભાજપ શાસકોને પ્રેમ ઉભરાય છે? એવો તે કયા પ્રકારનો પ્રેમ જે જનતાના પ્રેમથી પણ વધારે નુરૂદ્દીન પ્રત્યે છે ? કયા કારણોસર કરોડોના કૌભાંડી નુરૂદ્દીનને ફરીથી કામની સોંપણી કરવામાં આવેલ છે ? આ જુગલબંધી પાછળનો હેતુ શું છે? કયા કારણોસર માત્ર નુરૂદ્દીનને જ કામ મળે તે મુજબ જ ટેન્ડરની શરતો અને જોગવાઈઓ નકકી થાય છે?આમ, શાસકોની મીલીભગતથી કરોડોના કૌભાંડી નુરૂદ્દીનને ફરી ફરીને કામની સોંપણી કરીને શા માટે સ્થાયી સમિતિએ શરણાગતિ સ્વીકારી ? એવી તો કયા પ્રકારની મજબુરી હતી કે અંદાજે રૂ. ૨૧૫ કરોડના મહાકૌભાંડીને ફરીથી પાલિકાની તિંજોરી લુંટવાનો મોકો આપ્યો ? તેનાથી નુરૂદ્દીન સહિત અન્ય કોને લાભ થવાનો છે ? તે પ્રશ્ન વિપક્ષ નેતા પાયલ સાકરિયાને ઉપસ્થિત થયેલ છે. ત્યારે ભાજપ શાસકો અને સમગ્ર ભારત દેશમાં સુરત શહેરનું નામ બોળનાર કરોડોના કચરા કૌભાંડી નુરૂદ્દીનની જુગલબંધી પાછળનું રહસ્ય પરથી પરદો હટાવવા જણાવ્યું હતું.

વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ માંગણી કરી હતી કે, આવા ઈજારદારને સુરત મનપાની સોંપવામાં આવેલ અબજો રૂપિયાની જગ્યા સમયસર ડેવલપ ન કરવા અને ચુકવણીઓ નિયમિતપણે ન કરવા બદલ બ્લેક લિસ્ટ કરવામાં આવે તેમજ તેમની પાસેથી ઉકત જગ્યા પાછી મેળવવામાં આવે અને

અનુસંધાન પાના ૭ પર



# મહિલા દિન સંદર્ભે સાંસ્કૃતિક સમિતિ દ્વારા મહિલાઓનું સન્માન

## વિવિધ ક્ષેત્રો મહત્વપૂર્ણ પ્રદાન કરનાર મહિલાઓનું બહુમાન

સુરત, તા.૭

વર્ષ પ્રતિવર્ષ મુજબ સુરત મહાનગર પાલિકા દ્વારા સુરત શહેરની વિવિધ ક્ષેત્રે નામાંકિત પ્રચલિત શહેરની વિવિધ ક્ષેત્રે સુંદર યોગદાન સાથે સિદ્ધિ પ્રાપ્ત કરેલી અગ્રણી મહિલાઓનું સન્માન વિશ્રૃવ મહિલા દિન નિમિત્તે કરવામાં આવ્યું જેમાં સુરત શહેરના રાષ્ટ્રીય ક્ષેત્રે વિવિધ સેવા સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર ઉત્સાહી સેવાકમૉ મહિલા અને પત્રકાર જગત ક્ષેત્રે ચેનલ ક્ષેત્રે પણ ઉચ્ચ સ્થાને કામગીરી બજાવનાર શ્રીમતી અમિષા ફરોખભાઈ રૂવાલા (માયા કુમાર) નું સન્માન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું અન્ય મહિલા ચેરમેનો પણ હાજર રહ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય પત્રકાર સંઘ અને નેશનલ કાઉન્સિલ ફોર હ્યુમન રાઈટ્સ એન્ડ કોન્સ્ટીટયુશનલ રાઈટ્સના રાષ્ટ્રીય ઉપપ્રમુખ અને મંત્રી બન્ને ઉચ્ચ પદે શ્રીમતી અમિષા ફરોખભાઈ રૂવાલા (માયા કુમાર) વરાયા હતા એ પણ એક મહિલા તરીકે વધુ ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવા બરાબર છે

# અંકલેશ્વર ખાતે ડો. પ્રશાંત કોરાટનો ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો



## ૪૫ સંસ્થાએ પુષ્પગુચ્છ અને ભેટ સોગાદો આપી ભવ્ય રીતે સન્માનિત કર્યા

સુરત, તા.૭

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે ઉદ્યોગપતિઓ દ્વારા ડો.પ્રશાંત કોરાટ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ગુજરાત પ્રદેશ અને દક્ષિણ ગુજરાત ઝોન પ્રભારીની જવાબદારી મળતા તેમનો અભિવાદન સમારોહ યોજાયો હતો.જેમાં અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ૪૫ જેટલી સંસ્થાઓ દ્વારા અભિવાદન , પુષ્પગુચ્છથી સન્માન અને ભેટ સોગાદો આપી ભવ્ય રીતે સન્માનિત કરાયા હતા.

સવજીભાઈની નિષ્ઠા અને કામ કરાવવાની નીતિ ખરેખર ઉત્તમ હતી.સવજીભાઈ અને જશુમતીબેનના સંસ્કારો તેમજ બાપ કરતા બેટો સવાયો છે.અહીં ઉપસ્થિત સર્વે ઉદ્યોગપતિઓ છે અને પક્ષ તેમજ હિંદુત્વને માનનારા છે.

ઈશ્વરસિંહ પટેલ સિંચાઈ મંત્રી દ્વારા ઉદ્દબોધનમાં જણાવાયું હતું કે, મકાનનો પાયો નબળો હોય તે મકાન પડી જાય પણ એક ભડવીર મંત્રી સવજીભાઈ એવા મંત્રી હતા કે તેની ગાડીમાં ત્રિકમ,પાવડો અને તગારું રાખતા અને દરેક કામ ની તપાસ કરતા હતા.જશુબેન પણ કુંભ મેળા વખતે જાતે વાસણ સાફ કરી સેવા લેવા નહી પરંતુ સેવા આપવા આવ્યા હતા .આવા માતાપિતાના સંતાન એવા ડો.પ્રશાંત કોરાટ હાલના પદથી પણ ઊંચું પદ પ્રાપ્ત થાય તેવા આશિષ છે.

ગંગાદાસ બાપુએ આ પ્રસંગે જણાવ્યું હતું કે પદ હોય અને ના હોય ત્યારે એ આત્મીયતાના સંબંધ હોય છે તેવા સંબંધ છે અમારી સાથે છે.રાજકારણ મેં મારા જન્મથી જોયું છે લગભગ ગામડાઓમાં મારો પ્રવાસ થાય ત્યારે મારા પિતાને વડીલો યાદ કરે છે .મારા જીવનની કોઈ અમૂલ્ય ક્ષણ હોય તો એ ભરૂચ જિલ્લો છે.મારા પિત ડો.પ્રશાંત કોરાટના અભિવાદન સમારોહ કાર્યક્રમમાં ભારતસિંહ પરમાર,દુષ્યંત પટેલ,રમેશ મિસ્ત્રી ,ઘનશ્યામ પટેલ , રીતેષ વસાવા ,પ્રકાશ મોદી , જય તેરૈયા ખુમાનસિંહ વાંસિયા , એન.કે. નાવડિયા તેમજ મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ હાજર રહી અભિવાદન કર્યું હતું.



# અંકલેશ્વર કન્યા શાળામાં સ્માર્ટ ક્લાસનું લોકાર્પણ

## રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરના સહયોગથી નવી સ્કૂલબેંચની સુવિધા

અંકલેશ્વર, તા.૭

સામાજિક સેવા ક્ષેત્રે અગ્રેસર રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અંકલેશ્વર સંચાલિત કન્યાશાળા બ્રાન્ચ નંબર ૧ અંકલેશ્વર ખાતે વિદ્યાર્થીઓની સુવિધા માટે સ્કૂલબેંચ તથા શ્રી મનીષભાઈ શ્રોફ ના આર્થિક સહયોગથી સ્માર્ટ ક્લાસ નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રેસિડન્ટ પંકજ ભરવાડા, સેક્રેટરી વિપીન નાયર, દાતા શ્રી મનીષ શ્રોફ, ઈનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વરના રૂપલ ભરવાડા, વિમલ પાઠક, ઓપી સિંગ, પ્રોજેક્ટ છે અને પબ્લિક ઈમેજ ચેર ગજેન્દ્ર પટેલ સહિત શિક્ષકો વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આભાર દર્શન શ્રી પ્રશાંત પટેલે કર્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન દક્ષા દિ નિયાવાલા સંભાળ્યું હતું.

# સમતા સેવા ફેડરેશન દ્વારા રવિવારે મહિલા દિનની ઉજવણી

## ડો.આંબેડકર ભવન ખાતે મહિલા સન્માન સમારંભ યોજાશે

સુરત, તા.૭

સમતા સેવા ફેડરેશન સુરત શહેર ગુજરાત પ્રદેશ દ્વારા ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહીલા દિવસ ની નિમીતે ડો આંબેડકર ભવન રીગરોડ સુરત ખાતે મહીલા સન્માન - સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ મહીલા જાગૃતિ કાનુની શીબીર યોજાશે.

સમતા સેવા ફેડરેશન સુરત શહેર ગુજરાત પ્રદેશ, ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સમસ્ત આંબેડકર બૌદ્ધ સમાજ મહીલા સંગઠન,ભારતીય બૌદ્ધ મહા સભા ના નેજા હેઠળ આંતરરાષ્ટ્રીય મહીલા દિવસ ની ઉજવણી કાર્યક્રમ ના ભાગરુપે ડો બાબાસાહેબ આંબેડકર ભવન મા દરવાજા રીગરોડ સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટ ના એડવોકેટ, સામાજીક કાર્યકર માન આશાબેન રાહુલ કોળી ના અધ્યક્ષસ્થાને તેમજ મુખ્ય વક્તા પ્રબોધનકાર માન સુષમાતાઈ અંધારે તેમજ મુખ્ય મહેમાનપદે સુરત પોલીસ ના આઈ.પી.એસ ડી,સી,પી ઝોન/૨ માન કાનંદબેન દેસાઈ, આઇ, પી,એસ ડી,સી,પી ઝોન/૪

આભાર - નિહારીકા રવિયા માન ડો નીધી બેન ઠાકુર સલાબતપુર પોલીસ સ્ટેશન ના પી,આઈ માન કે,ડી,જાડેજા,ઉધના પોલીસ સ્ટેશન પી,આઈ,એસ એન દેસાઈ,અમરોલી પોલીસ સ્ટેશન ના પી,આઈ માન જે,બી,વનારસાહેબ,ઉત્રાણ પોલીસ સ્ટેશન પી,આઈ એસ બી પઢેરીયા,પાંડેસરા પી,આઇ જીગ્નેશ ચોધરી ,લીબાંયત પોલીસ સ્ટેશન ના પી,આઈ એન કે કામલીયા,ડીડોલી પોલીસ સ્ટેશન પી,આઈ આર જે ચુડાસમા,ઉત્રાણ માજી સરપંચ બૌદ્ધ સમાજ વરિષ્ઠ અગ્રણીઓ આપ્પાસાહેબ કાશીનાથ સીરસાઠ,,ઓલ્ડ એજ હોમ ના સેવાભાવી અનિલભાઈ બાગલે યુવા નેતા કુણાલભાઈ સોનવણે યુવા ઉધોજક અંબાલાલ પવાર, રાજા ભાઇ ગોતમ,ની ઉપસ્થિતી માં

અનુસંધાન પાના ૭ પર




# સુરત મહાનગર પાલિકા દ્વારા મહિલા દિનની સાયન્સ સેન્ટરમાં ઉજવણી

## આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શુભેચ્છા પાઠવતા મેયર દક્ષેશ માવાણી

સુરત, તા.૭

સુરત મહાનગરપાલિકા દ્વારા "આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી"ની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી તા.૦૬/૦૩/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સાયન્સ સેન્ટર ઓડિટોરીયમ, સીટીલાઈટ રોડ, સુરત ખાતે સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગ્ટથી કરવામાં આવી હતી. સાંસ્કૃતિક સમિતિ અઘ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈએ ઉપસ્થિત સર્વેને સુરત મહાનગરપાલિકા વતી આવકારીને આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણીની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધનમાં શાસક પક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં મહિલાઓની ભાગીદારી જેટલી મજબુત હશે, એટલો જ આપણો સમાજ વધુ સમૃઘ્ધ અને પ્રગતિશીલ બનશે. ત્યારબાદ માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણીએ તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શુભેચ્છા પાઠવી

અનુસંધાન પાના ૭ પર

# ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન સાથે કિચન ગાર્ડન વિષે કાર્યક્રમ યોજાયો

## ટેરેસ પર ઓછા ખર્ચે અને ઓછી જગ્યામાં શાકભાજી, ફળો તથા ઔષધીય છોડ કેવી રીતે ઉગાડી શકાય તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ સમજાવવામાં આવી

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વિંગ અને એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડ્રી કમિટી દ્વારા કૃષી વિજ્ઞાન કેન્દ્ર સુરત તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સોમવાર, તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એકિઝબિશન ગ્રાઉન્ડ ખાતે ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન – કિચન ગાર્ડન વિષય પર કાર્યક્રમનું



આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરની લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ ઉપસ્થિત મહાનુભાવો અને બહેનોનું સ્વાગત કરી ટેરેસ ગાર્ડનિંગ તથા ઘરઆંગણે શાકભાજી ઉગાડવાની જરૂરિયાત અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, શહેરોમાં વધતા પ્રદૂષણ અને જીવનશૈલીના

અનુસંધાન પાના ૭ પર






# અદાણી ફાઉન્ડેશન દ્વારા હજીરા અને ઉમરપાડામાં "સશક્ત નારી – વિકસિત ભારત"ના સંકલ્પ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આગોતરી ઉજવણી

સુરત, ૦૬ માર્ચ: આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આગોતરી ઉજવણી અંતર્ગત અદાણી ફાઉન્ડેશન, હજીરા દ્વારા ભટલાઈ અને આદિવાસી બહુલ ઉમરપાડા વિસ્તારમાં "આપો તો મેળવો" થીમ આધારિત ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા જેમાં ૮૫૦થી વધુ મહિલોએ ભાગ લીધો હતો. ભટલાઈ ખાતેના મુખ્ય સમારોહમાં ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી તૃપ્તિબેન પટેલ, અદાણી હજીરા પોર્ટના સીઓઓ પંકજ ઉકે, સુરત જિલ્લા પંચાયત કૃષિ અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ નિલેશભાઈ તડવી સહિત સરપંચો તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. દીપ પ્રાગટ્ય અને સ્વાગત નૃત્યથી કાર્યક્રમની શરૂઆત થઈ, ત્યારબાદ પરંપરાગત ગરબાએ સૌનું મન મોહી લીધું હતું.

ચોર્યાસીના ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈએ પોતાના સંદેશમાં મહિલાઓને અભિનંદન પાઠવતા અદાણી ફાઉન્ડેશન દ્વારા મહિલા વિકાસ માટે કરાતા પ્રયત્નોની પ્રશંસા કરી હતી. અદાણી હજીરા પોર્ટના સીઓઓ પંકજ ઉકે જણાવ્યું કે, "મહિલાઓને યોગ્ય સન્માન, તક અને સહકાર મળે તો તેઓ પરિવારથી લઈને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ સુધી મહત્ત્વનું યોગદાન આપી શકે છે."

અદાણી ફાઉન્ડેશન દ્વારા SHG જૂથોને આવકવર્ધક સાધન-સામગ્રી સહાય, ખેતી માટે માંડવા સહાય અને વિવિધ કૌશલ્ય આધારિત પહેલો દ્વારા આર્થિક સશક્તિકરણની દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોથી અનેક મહિલાઓ આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહી છે.

કાર્યક્રમ દરમિયાન નવચેતન વિદ્યાલયની રાજ્ય કક્ષાની એથલેટિક્સ મીટમાં વિજેતા થયેલ વિદ્યાર્થીનીઓને સ્પોર્ટ્સ કીટ આપવામાં આવી હતી. રાજગરી ગામની પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે મહત્વની સિદ્ધિ હાંસલ કરનાર કૈલાશબેને દિલ્હી ખાતે યોજાયેલી Women Led Development કોન્ફરન્સનો પોતાનો અનુભવો શેર કર્યો હતો. ઉત્થાન પ્રોજેક્ટમાં પાંચ વર્ષથી કાર્યરત સહાયકોને તેમના યોગદાનને બિરદાવતા પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. SHG બહેનોને પણ તેમની આવકવર્ધક કામગીરી માટે વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. ઉમરપાડામાં યોજાયેલા સમાંતર કાર્યક્રમમાં પણ આશરે ૬૫૦ મહિલાઓએ ઊર્જાભર્યો પ્રતિસાદ આપ્યો. કાર્યક્રમના અંતે અદાણી ફાઉન્ડેશનની CSR હેડ શ્રીમતી શીતલબેને આભાર વ્યક્ત કર્યો.

## VFS પ્રીમિયમ દ્વારા અનોખું "Trouble Circuit" ફિટનેસ ઈવેન્ટ સફળતાપૂર્વક યોજાયું



સુરત સ્થિત ફલ્ક્જી પ્રીમિયમ દ્વારા મહિલા દિવસની ઉજવણી નિમિત્તે એક અનોખું અને પડકારજનક ફિટનેસ ઈવેન્ટ "Trouble Circuit"નું સફળ આયોજન કરવામાં આવ્યું. આ પ્રકારનું ખુલ્લા મેદાનમાં યોજાયેલું હાઈ-ઈન્ટેન્સિટી ફિટનેસ ઈવેન્ટ શહેરમાં પ્રથમવાર યોજાયું હતું, જેમાં ૧૧૦થી વધુ ફિટનેસ ઉત્સાહીઓએ ભાગ લીધો હતો. ઈવેન્ટમાં કુલ ૭ કઠિન ફિટનેસ હર્ડલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. દરેક હર્ડલ પૂર્ણ કર્યા બાદ ભાગ લેનારાઓને ૬૦૦ મીટર દોડ પૂર્ણ કરવાની હતી, જ્યારે અંતિમ ૮મું ચેલેન્જ ૧ કિલોમીટર દોડ સાથે પૂર્ણ થતું હતું. સમગ્ર ઈવેન્ટ ભાગ લેનારાઓની તાકાત, સ્ટેમિના અને મનોબળની કસોટી લેતી હતી. આ કઠિન પડકાર વચ્ચે પણ ભાગ લેનારાઓએ ઉત્સાહપૂર્વક પરસેવો વહાવ્યો અને દરેક હર્ડલ પાર કરીને પોતાના લિમિટ્સને ચેલેન્જ કર્યા. સફળતાપૂર્વક તમામ ચેલેન્જ પૂર્ણ કરનારાઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા. વિશેષ નોંધનીય બાબત એ હતી કે આ ઈવેન્ટમાં ભાગ લેનારાઓમાં આશરે ૮૦% મહિલાઓ હતી, જેમણે આટલી પડકારજનક સ્પર્ધામાં ઉત્સાહ અને શક્તિ સાથે ભાગ લઈને સાચા અર્થમાં મહિલા દિવસની ઉજવણીને યાદગાર બનાવી. VFS પ્રીમિયમનું માનવું છે કે ફિટનેસ માત્ર વર્કઆઉટ નહીં પરંતુ જીવનશૈલી છે, અને આવા ઈવેન્ટ દ્વારા લોકોમાં સ્વસ્થ જીવનશૈલી અને ફિટનેસ પ્રત્યે વધુ પ્રેરણા મળે છે. "



# ૨૦૪૦ સુધીમાં દર વર્ષે બ્રેસ્ટ કેન્સરના 30 લાખ નવા કેસ, ભારતમાં સ્થિતિ વધુ ચિંતાજનક, આંકડાઓ જાણીને ચોંકી ઉઠશો...

હાલમાં જ મેડિકલ જર્નલ 'ધ લેન્સેટ'માં પ્રકાશિત કરવામાં આવેલા નવા રિપોર્ટમાં બ્રેસ્ટ કેન્સરને લઈને જે આંકડાઓ અને દાવાઓ કરવામાં આવ્યા છે એ ખૂબ જ ચિંતાજનક છે. રિપોર્ટમાં આપવામાં આવેલી માહિતી અનુસાર આગામી બે દાયકામાં બ્રેસ્ટ કેન્સર એ એક વૈશ્વિક કટોકટી બની શકે એમ છે. વાત કરીએ ૨૦૨૦ની તો એ સમયે બ્રેસ્ટ કેન્સરના જે ૨૩ લાખ કેસ જોવા મળ્યા હતા અને ૨૦૪૨ સુધીમાં આ આંકડો વધીને ૩૦ લાખને અને મૃત્યુઆંક ૧૦ લાખ સુધી પહોંચવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

ભારત માટે ચિંતાજનક છે પરિસ્થિતિ

ભારત માટે આ રિપોર્ટના આંકડા લાલ બત્તી સમાન છે. હવે ધીરે ધીરે ભારતમાં બ્રેસ્ટ કેન્સર મહિલાઓમાં જોવા મળતું સૌથી કોમન કેન્સર બની ચૂક્યું છે. પશ્ચિમી દેશોની સરખામણીમાં ભારતમાં મહિલાઓ ખૂબ જ નાની ઉંમરે (અંદાજે ૩૦થી ૫૦ વર્ષની વચ્ચે) જ આ ગંભીર અને જોખમી બીમારીનો શિકાર બની રહી છે.

આ ઉપરાંત ભારતમાં દર બેમાંથી એક મહિલા કે જેને સ્તન કેન્સરનું નિદાન થાય છે, તેમનું મૃત્યુ થાય છે. આનું મુખ્ય કારણ જાગૃતિનો અભાવ અને મોડે મોડે કરવામાં આવેલું નિદાન છે. એક અંદાજ મુજબ, ભારતમાં દર ચાર મિનિટે એક મહિલામાં સ્તન કેન્સરનું નિદાન થાય છે અને દર આઠ મિનિટે એક મહિલા આ બીમારીને કારણે જીવ ગુમાવે છે.



ધ લેન્સેટ'ના રિપોર્ટમાં ભારત જેવા દેશો માટે કેટલીક પાયાની સમસ્યાઓ વિશે પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. આ વિશ્લેષણ અનુસાર ભારતમાં ૬૦ ટકાથી વધુ કેસો એડવાન્સ સ્ટેજ એટલે કે સ્ટેજ ત્રીજા કે ચોથા સ્ટેજમાં પહોંચ્યા પછી જ ખબર પડે છે, જેના કારણે બચવાની શક્યતા ઓછી થઈ જાય છે.

ગ્રામીણ અને રૂઢિચુસ્ત વિસ્તારોમાં મહિલાઓ સ્તન સંબંધિત સમસ્યાઓ વિશે વાત કરતા અચકાય છે, જે જીવલેણ સાબિત થાય છે. મોસ્ટ ઈમ્પોર્ટન્ટલી એટલે કે કેન્સરની કોસ્ટલી ટ્રીટમેન્ટ મધ્યમ વર્ગીય અને સામાન્ય પરિવારો માટે એક મોટા બોજ સમાન છે, જોકે સરકારી યોજનાઓ હવે આમાં મદદરૂપ થઈ રહી છે. વાત કરીએ 'ધ લેન્સેટ'ના રિપોર્ટના મુખ્ય તારણોની ૨૦૪૦ સુધી દુનિયાભરમાં બ્રેસ્ટ કેન્સરના કેસમાં વાર્ષિક ૪૦ ટકાનો વધારો જોવા મળી શકે છે. જે કેન્સર શરીરના અન્ય ભાગોમાં ફેલાઈ ગયું હોય, તેના દર્દીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવશે. સરકારોએ બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ પ્રોગ્રામ્સને પ્રાથમિકતા આપવી પડશે. નિષ્ણાતોના મતે, ભારતમાં મૃત્યુદર ઘટાડવા માટે 'અર્લી ડિટેક્શન' (વહેલું નિદાન) જ એકમાત્ર રસ્તો છે. ૨૦ વર્ષની ઉંમર પછી દરેક મહિલાએ દર મહિને 'સેલ્ફ બ્રેસ્ટ એક્ઝામિનેશન' કરવું જોઈએ અને ૪૦ વર્ષ પછી નિયમિત મેમોગ્રાફી કરાવવી જોઈએ, જેથી બ્રેસ્ટ કેન્સર સામેની જંગ માટેની પૂર્વ તૈયારીઓ કરવા માટે હાથમાં પૂરતો સમય રહે.


# અઝરબૈજાનમાં રૂ. ૫૦,૦૦૦માં યુરોપિયન લક્ઝરી જેવો અનુભવ! જાણો કેમ ભારતીયો માટે આ દેશ સૌથી મોટો કરન્સી જેકપોટ છે...

હાલમાં ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધને કારણે મિડલ ઈસ્ટમાં પરિસ્થિતિ વધારેને વધારે વણસતી જઈ રહી છે. આ બધા વચ્ચે ઈરાને અઝરબૈજાનને ટાર્ગેટ કરતાં આ દેશ ચર્ચામાં આવ્યો છે. વાત કરીએ અઝરબૈજાનના ટુરિઝમની તો જ્યારે પણ વિદેશ પ્રવાસની વાત આવે ત્યારે મનમાં પહેલો વિચાર 'બજેટ' અને 'કરન્સી રેટ'નો આવે છે. યુરોપ અને અમેરિકાના મોંઘા પાઉન્ડ અને ડોલર સામે વર્તમાન પરિસ્થિતિમાં અઝરબૈજાનનું ચલણ મનાત ઈન્ડિયન ટુરિસ્ટ માટે એક સ્માર્ટ ચોઈસ બની રહ્યું છે. ચાલો જાણીએ આખું ગણિત અને અઝરબૈજાન ફરવા જવાનો કેટલો ખર્ચ આવશે એ વિશે...

અગાઉ જણાવ્યું એમ અઝરબૈજાનની કરન્સી મનાતનું મૂલ્ય ભારતીય રૂપિયા કરતા વધારે છે, પરંતુ ત્યાંની 'પરચેઝિંગ પાવર' (ખરીદશક્તિ) આપણા માટે ફાયદાકારક છે. હાલમાં એક અઝરબૈજાની મનાત આશરે રૂપિયા ૪૯થી રૂપિયા ૫૦ની આસપાસ છે. આમ ભલે તમારે એક મનાત સામે ૫૦ રૂપિયા આપવા પડે, પણ ત્યાં એક મનાતમાં મળતી વસ્તુઓ જેમ કે લોકલ ટ્રાન્સપોર્ટ કે સ્ટ્રીટ ફૂડ ભારતના મેટ્રો સિટીઝ જેટલી જ સસ્તી પડે છે. જો તમે દુબઈ (છઈઢ) કે સિંગાપોર (જીય્ઢ) સાથે સરખામણી કરો, તો અઝરબૈજાનમાં રહેવા-જમવાનો ખર્ચ ૩૦ ટકાથી ૪૦ ટકા ઓછો આવે છે.

## ૨૦૨૬માં ટુરિસ્ટ વચ્ચે કેમ અઝરબૈજાન હોટ ફેવરેટ છે?

વર્ષ ૨૦૨૬માં અઝરબૈજાન તેની ઈકોનોમીને ઓઈલ પરથી ખસેડીને ટુરિઝમ પર ફોકસ કરી રહ્યું છે. ભારતીયો માટે માત્ર ૩ દિવસમાં



ઓનલાઈન વિઝા મળી જાય છે, જેનો ખર્ચ આશરે રૂપિયા ૨,૨૦૦ જેવો થાય છે. કનેક્ટિવિટીની વાત આવે તો દિલ્હી અને મુંબઈ જેવા મેટ્રો સિટીથી બાકુની ડાયરેક્ટ ફ્લાઈટ્સ શરૂ થતાં પ્રવાસ વધુ સસ્તો અને ઝડપી બન્યો છે. બાકુ અત્યારે 'F૧ ગ્રાન્ડ પ્રિકસ' અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું કેન્દ્ર બન્યું છે, જેના કારણે ત્યાંની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યારે વર્લ્ડ ક્લાસ છે.

ઓફબીટ ફેક્ટ: 'નો ટિપિંગ' કલ્ચર અને સસ્તું ફ્યુઅલ

અઝરબૈજાન ઓઈલ રિચ દેશ હોવાથી ત્યાં પેટ્રોલના ભાવ અત્યંત ઓછા છે. આનો સીધો ફાયદો પ્રવાસીઓને થાય છે, કારણ કે ત્યાં 'બોલ્ટ' (Bolt) કે 'ઉબેર' જેવી ટેક્સીઓ આખા શહેરમાં ફરવા માટે માત્ર રૂપિયા ૧૫૦થી ૩૦૦ રૂપિયામાં સરળતાથી મળી જાય છે. યુરોપના દેશોમાં જ્યાં ૧૦થી ૧૫ ટકા ટીપ આપવી ફરજિયાત હોય છે, જ્યારે અઝરબૈજાનમાં આવું કોઈ કલ્ચર નથી. આ નાની નાની બચત તમારા આખા બજેટમાં મોટો તફાવત લાવે છે.

ખાવા-પીવાની મોજ: 'શાહ પિલાફ' અને સસ્તું ફૂડ

અઝરબૈજાનએ ખાવું, પીવું અને મજાની લાઈફ માટે બેસ્ટ ઓપ્શન છે. લોકલ ફૂડ જેમ કે 'ડોવગા' કે 'લુલા કબાબ'નો પૂરો મીલ (Meal) તમને આશરે પાંચથી આઠ મનાત અંદાજે ૨૫૦થી ૪૦૦ રૂપિયામાં મળી જાય છે. બાકુના ફેન્સી રેસ્ટોરન્ટમાં પણ બે લોકોનું ડિનર ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયામાં પતી જાય છે, આ ખર્ચ ગોવા કે મુંબઈના સારા રેસ્ટોરન્ટ કરતા સસ્તો છે.

વાત કરીએ ટોટલ ટુર કોસ્ટની તો જો તમે પાંચ દિવસ માટે અઝરબૈજાન જાઓ છો, તો ફ્લાઈટ સિવાય તમારો પર્સનલ એક્સપેન્સ જેમ કે રહેવું, જમવું અને ફરવા સાથે આશરે ૩૫ હજારથી ૪૦ હજાર રૂપિયામાં આરામથી પતી શકે છે.

# સંધિવા થવાનાં કારણ, લક્ષણ અને ઉપચારની ભીતરમાં

ખાસ કરીને શિયાળામાં પીડાકારક વા અને સંધિવા થાય છે. સાંધામાં વાયુની પીડા અસહ્ય હોય છે. એમાં પણ પ્રૌઢ ઉમરથી અકાળે વૃદ્ધાવસ્થાનો પ્રારંભ વધુ જોવા મળે છે. આવા દરદીઓ ઊઠે ત્યારે પથારીમાંથી પગ નીચે મૂકતાં અથવા દેશી પદ્ધતિએ દિશા-પાણી જવાનું હોય તો જલદી ઊભા થઇ શકે નહીં. આ રોગ પાતળા અને મેદસ્વી બંનેમાં જોવામાં આવે છે. સ્ત્રી અને પુરુષ બંનેને થાય છે. તેમાં સ્ત્રીઓમાં આ રોગનું પ્રમાણ થોડું વધુ જોવા મળે છે. અસ્થિપિંજર જ્યારે શરીર ઊભું હોય ત્યારે મેદનો ભાર સાંધા ઉપર પડે છે. એ દૃષ્ટિએ એ રોગ થવાના કારણ, લક્ષણ અને ઉપચાર જણાવવા જરૂરી છે. ચોમાસા બાદ શિયાળાની શરૂઆત થાય છે. ચોમાસામાં પણ વાતાવરણ ઠંડુ હોય ત્યાર બાદ શિયાળામાં પણ વધુ ઠંડું રહે એટલે મોટે ભાગે મોટી ઉમરના લોકોને વા-સંધિવાની અસર વકરે છે. એમાં બે પ્રકાર જોવા મળે છે. એક માત્ર વાયુ વધ્યો હોય તેવા અને બીજો વાયુ અને કફ પ્રધાન વાતરોગ જોવા મળે છે. ઉપચારમાં સામાન્ય રીતે સૂકી સૂંઠનો પાઉડર યોગ્ય માત્રામાં લઇ તેમાં પાણી નાખી ધીમે તાપે ઉકાળી, ગાળી અને તેમાં દીવેલ નાખી લેતાં આ પ્રયોગ ઘણો લાભકારક નીવડે છે. શિયાળાની શરૂઆત પહેલાં જ અને દરમિયાન આ પ્રયોગ કરવાથી શરીરમાં કફનો સંચય થતો નથી. પંડિતોએ કહ્યું છે કે આમ વાતરૂપી હાથીને શરીરરૂપી વનમાં પ્રસરતો અટકાવનાર અને પત્યેચ્છ વિહાર કરનાર વાયુને દબાવી દેનાર એક અમૂલ્ય ઉપાય એરંડિયું, અથવા દીવેલરૂપી સિંહ છે. આ સુપ્રચલિત ઉપાય કાળક્રમે ઓછો થતો ચાલ્યો છે. પણ છતાંયે આજે એનો વાપર ગામડા ગામમાં અનુભવીઓ કરે છે તેમાં શંકા નથી. સૂંઠ તીખી છે. ગરમ છે, છતાં પચવા કાળે મધુર હોય પિત્તનો પ્રકોપ કરતી નથી. એરંડ તેલ જિગ્ધ છે, ચિકાશદાર છે અને પરમ વાતનાશક છે. દેશી એરંડિયું તેલ મળે તો તો ઉત્તમ અને ન મળે તો પણ રિફાઈન્ડ કેસ્ટર ઓઈલ પણ ચાલે, એનો એક પ્રયોગ સિંહનાદ ગૂગળ ખાસ વાપરવા જેવો છે. આ પ્રયોગમાં ત્રિફળા પા કિલો, પાણી અઢી લિટર, સૂંઠ ૧૦૦ ગ્રામને લઇ ઉકાળી ફરી ઘટ્ટ કરી તેમાં શુદ્ધ ગૂગળ ૧૦૦ ગ્રામ, શુદ્ધ ગંધક ૨૫ ગ્રામ અને એરંડિયું પાંચથી દસ તોલા નાખી ગોળી કરી ચણા જેવડી ગોળી બે થી ચાર સવારે અને રાત્રે નવશેકા ગરમ પાણીમાં લેવાથી સંધિવાનો દુ:ખાવો દૂર થાય છે. આ પ્રયોગ ધીરજ અને ખંત માગી લે છે. મૂળ પાકમાં સૂંઠ નથી, પણ અનુભવે એમાં થોડા ફેરફાર કરી ચિકિત્સા માટે એમાં સૂંઠનો ઉમેરો કર્યો છે. કેટલાક દરદીઓને શુદ્ધ ગંધક પણ અનુકૂળ આવતો નથી, પરંતુ એની જગ્યાએ એટલી જ ગળો લેતાં યોગ સાવ સરળ બની જાય છે. જેની બહુ જ પ્રશંસા કરવામાં આવે છે તે મહાયોગરાજ ગૂગળ ઉત્તમ કોટીનું રસાયન છે. એને પરિણામે પ્રત્યેક આયુર્વેદિક પ્રેમી એનો પ્રયોગ ચોક્કસ કરે છે. અને ચિકિત્સામાં પણ એ વૈદ્યને યશ અપાવે છે. આ ગૂગળના સેવન ઉપર બહુ સખત પરેજી પાળવી જોઇએ એવી માન્યતા છે. પણ હકીકતમાં શાસ્ત્રકારે કહ્યું છે ત્રિદોષહર આ રસાયનના પ્રયોગ દરમિયાન યથેચ્છ સ્ત્રી વિહાર થઇ શકે. બ્રહ્મચર્યનું પાલન કે ખોરાકની પરેજી જરૂરી બનતી નથી.મહાયોગરાજના અગત્યનાં દ્રવ્યો સૂંઠ, પીપર, ચિત્રક, હિંગ, અજમો, સરસવ, જીરુ, વાવડિંગ, વજ, ગજપીપર, ત્રિફળા જેવાં દ્રવ્યો વનસ્પતિ સ્વરૂપે આ બધા જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે. દોઢસો ગ્રામ આ ચૂર્ણમાં દોઢસો ગ્રામ શુદ્ધ ગૂગળ એ ઉપરાંત રૌપ્ય, બંગ, લોહ, અભ્રક, મંડુર તથા રસસિંદૂર એ બધાં ૨૮૦ ગ્રામ લેવા. આ પ્રયોગમાં વપરાતું ગૂગળ તો અત્યંત જાણીતું છે. ગૂગળને પાણીમાં સ્વચ્છ કરી લોહ ખરલમાં મગદળિયાથી સવા લાખ વાર ખાંડવું. આ ગૂગળ અત્યંત મૃદુ થઇ જાય ત્યારે વનસ્પતિ માત્રમાં એક સુવૈદ્યે વર્ષો પહેલાં ત્રણ ગ્રામ સુવર્ણ ભસ્મ, ૩૦ ગ્રામ મહાયોગરાજ ગૂગળ અને ૩૦ ગ્રામ મહારાસ્નાદિકવાથનું ઘનસત્ત?વ મેળવી એના ૧૬ પડીકાં કરી એક સવારે અને એક રાત્રે આપતાં જૂના વા, હઠીલો વા તથા નબળા સાંધાને નવજીવન આપી સરસ પીડાશામક અસર બતાડી ઉપરાંત રસાયન, ટોનિક તથા વાજીકરણ અસર પણ દર્શાવે છે. આ પ્રયોગના મૂળ પાઠમાં સુવર્ણ નથી,

## તંત્રી લેખ...

શનિવાર, તા. ૦૭ માર્ચ ૨૦૨૬

# મેદાનમાં જીત કરતાં જીતની રીત મહત્ત્વની

૪૦ ઓવરમાં ૩૪ છગ્ગાની રમઝટ, ૪૯૯ રનની તડાફડી અને વિક્રમોની વણજાર વચ્ચે સૂર્યકુમાર યાદવની ટીમ ઇન્ડિયા ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સૌથી વધુ ચોથીવાર પહોંચવા સાથે પહેલી ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ બની છે, જેણે ફાઈનલ સુધીની મજલ કાપી હોય. આ સાથે જ છેલ્લાં પાંચ વર્ષમાં ભારત છઠ્ઠીવાર આઈસીસી સ્પર્ધાની ફાઈનલમાં પહોંચ્યું છે. ૨૦૨૧ અને ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ, ૨૦૨૩માં વન-ડે વર્લ્ડ કપ પછી ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી બાદ હવે ૨૦૨૬માં ફરી ટી-૨૦ વિશ્વ કપની ફાઈનલમાં પહોંચી ભારતે ક્રિકેટ વિશ્વમાં પોતાની સર્વોપરિતા પુરવાર કરી છે. ક્રિકેટમાં ટીમ ઇન્ડિયાને વિજય મળવાથી આખા દેશનો મૂડ સુધરી જતો હોય છે, પણ આ વખતે જે રીતે તથા જે પરિસ્થિતિઓનો સામનો કરી આપણા ક્રિકેટરોએ આ જીત મેળવી છે એના કારણે દેશવાસીઓનો ઉત્સાહ બેવડાયો છે. ટીમની અંદર-બહાર થયા બાદ પ્લેઈંગ ઈલેવનમાં તક નહોતી મળતી એવા સંજુ સેમસને પહેલી મસ્ટ વિન મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે સ્પેશિયલ ઈનિંગ્સ રમી અને પછી સેમિફાઈનલમાં યાદગાર રમત કરી. પહેલાં ખેલાડી તરીકે પોતાની અસુરક્ષિતતાની ભાવનાની કબૂલાત અને પછી આ વિજય જસપ્રીત બુમરાહે ડેથ ઓવરમાં કરેલી બાલિંગને આભારી છે, એમ કહી સંજુએ દેખાડી આપ્યું છે કે, માત્ર મેદાન પર જ નહીં દિલથી પણ તે ધુરંધર ખેલાડી છે. ૮૦ અને ૯૦ના દાયકામાં જીતેલી બાજી આપણી ટીમના હાથમાંથી સરી જતી, પણ હવે પરાજયના મોઢામાંથી વિજયને ખેંચી લાવવાની ક્ષમતા દરેક ખેલાડીમાં છે. હવે, ભારત અને વધુ એક ટી-૨૦ ચેમ્પિયનશિપના માર્ગમાં માત્ર ન્યૂઝીલેન્ડ જ છે. ઈંગ્લેન્ડ સામેની સતત ત્રીજી ટી-૨૦ વર્લ્ડ કપ સેમિફાઈનલમાં બીજી જીત મેળવી છે અને યોગાનુયોગ એવો છે કે, આ બે ટીમ વચ્ચેની સેમિફાઈનલનો વિજેતા આગળ જતાં ટ્રોફી પણ મેળવે છે. સંજુ સેમસનની બાટિંગ તથા ભારતના વિજયને કારણે ઈંગ્લિશ બેટ્સમેન જેકબ બેથેલની ઝમકદાર સદી ફીકી પડી ગઈ. જો કે, અક્ષર પટેલના બે અદ્ભુત કેચ અને જસપ્રીત બુમરાહની ડેથ બાલિંગ જેવી બાબતો મેચનું પાસું ભારતની તરફેણમાં ફેરવવામાં નિમિત્ત બની એની નોંધ લેવાઈ છે. ૨૫૩ રન કરવા છતાં ભારત માત્ર સાત રનથી જીત્યું એમાં વાનખેડેની પાટા વિકેટ અને ટૂંકી બાઉન્ડ્રીઓ ઉપરાંત ટી-૨૦માં બેટ્સમેનોના પ્રભુત્વને કારણે રમત કઈ રીતે એકતરફી થઈ ગઈ છે, એની ચિંતા કરાવે છે. જો કે, ભારત માટે સારી વાત એ છે કે, કોઈ એક બેટ્સમેન પર આ ટીમ નિર્ભર નથી અને દરેક મેચમાં વિવિધ ખેલાડીઓએ ટીમને વિજય અપાવવામાં યોગદાન આપ્યું હતું. એનાથી પણ મહત્ત્વની વાત એ કે, ટીમ મેનેજમેન્ટે જે રીતે ખેલાડીઓની ક્ષમતા પર વિશ્વાસ રાખી એક-બે મેચમાં નિષ્ફળતા પછી પણ તક આપવાની ધીરજ દાખવી. વિક્રમો, વ્યક્તિગત સિદ્ધિઓ અને સફળતા કરતાં ખેલાડીઓ ટીમને વધુ મહત્ત્વ આપે છે, એ સંસ્કૃતિનો વિકાસ સફળતાની ચાવી છે. નકારાત્મક પાસા પણ છે, જેમ કે, ભારત અત્યાર સુધી વર્લ્ડ કપમાં એકેય પરફેક્ટ મેચ નથી રમ્યું, નબળા પ્રતિસ્પર્ધીઓ સામે પણ સંઘર્ષ કરવો પડયો છે. જો કે, છઠ્ઠા બોલરની ઊણપ વર્તાઈ છે અને મોંઘી પણ પડી છે, તો મિડલ ઓર્ડરમાં ઘણીવાર ધબડકો થયો છે. ટી-૨૦ વર્લ્ડ કપની યજમાન ટીમ ચેમ્પિયન બની નથી, છેલ્લે ૨૦૨૩માં ઘરઆંગણે ફાઈનલમાં ભારતને નિરાશા સાંપડી હતી. જો કે, ગયાં વર્ષે જ મહિલા ટીમ ઘરમાં વન-ડે વિશ્વ કપ વિજેતા બની છે. હવે રવિવારે વિશ્વ મહિલા દિન નિમિત્તે સૂર્યાના વીરો ટી-૨૦ વર્લ્ડ કપ જીતે એવી આશા રાખીએ.

# પવારની શાન પણ જળવાઈ

મહાવિકાસ આઘાડીએ પોતાના હિસ્સાની રાજ્યસભાની એકમાત્ર બેઠક માટે આખરે ખેંચતાણ ટાળી, મહારાષ્ટ્રના રાજકારણના ચાણક્ય અને આઘાડીના શિલ્પકાર ૮૫ વર્ષના શરદચંદ્ર પવારનાં નામ પર સહમતી સાધી. છેલ્લી ઘડીએ પવારે ચૂંટણી લડવાનો નિર્ણય જાહેર કરતાં ઉદ્ધવસેનાએ આ બેઠક પરનો દાવો જતો કર્યો હતો. જો કે, પક્ષના પ્રવક્તા સંજય રાઉત શરૂઆતથી જ પવારના નામની માળા જપી રહ્યા હતા, પણ આદિત્ય ઠાકરેએ આ બેઠક પર અમારો અધિકાર છે, એવો રાગ સતત આલાપ્યો હતો. આઘાડીના ત્રીજા ઘટક પક્ષ કોંગ્રેસને આ બેઠક જોઈતી હતી, કેમ કે, રાષ્ટ્રવાદી કોંગ્રેસના બે તડા એક થવાની ચર્ચા-હિલચાલ હતી. ભાજપે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, શરદ પવાર ઉમેદવારી કરશે તો મહારાષ્ટ્રના ક્વોટાની સાતમી બેઠક પર અમે ઉમેદવાર નહીં ઊભો રાખીએ. શરદ પવારની ઉમેદવારીની જાહેરાત સાથે જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શપ)ના વરિષ્ઠ નેતા જયંત પાટિલે બંને રાષ્ટ્રવાદીનું એકીકરણ નહીં થાય એવું કરેલું નિવેદન કોંગ્રેસ સાથેની ડીલના ભાગરૂપે જ છે. પવારનું બિનહરીફ ચૂંટાવું નક્કી છે, પણ તેમને ઉમેદવારી

માટે રાજી કરવાથી લઈને ઉદ્ધવ ઠાકરે સાથે ચર્ચા અને કોંગ્રેસ હાઈ કમાન્ડનો સંપર્ક કરવામાં સુપ્રિયા સુળેએ પહેલ કરી હતી. આમ, પવારના સ્થાન અને માન સાથે શાન પણ જળવાઈ છે. વિમાન અકસ્માતમાં અજિત પવારનાં અવસાન પહેલાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં કાકા-ભત્રીજાના પક્ષોએ ગઠબંધન કર્યું હતું. એ પછી બંને પક્ષ વચ્ચે એકતાની વાતોએ જોર પકડયું. જો કે, આ એકીકરણમાં કયા પક્ષનું વિલય કઈ પાર્ટીમાં થશે, એ વાત મભમ હતી. એવી વાતો ચગાવાઈ કે શરદ પવાર એનડીએમાં જોડાશે. અજિત પવારનાં અકાળ અવસાન પછી સિનિયર પવાર કંઈક સોગઠી રમે એ પહેલાં જ સુનેત્રા પવારને નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લેવડાવી ભાજપે શરદ પવારને ગેમ કરવાની તક જ ન આપી. કોંગ્રેસનો વિરોધ રાજ્યસભા માટે પવારનાં નામ પર એક કારણસર જ હતો કે, તેઓ એનડીએમાં જોડાય તો સામે ચાલીને નાક કાપી તાસક પર ધરી દેવા જેવું થાય. હવે, આમાં ખરેખર પવારની ગેમ કઈ હતી, એ સમજવાનું ગજું મહાવિકાસ આઘાડીમાં કોઈની પાસે છે ખરું? હવે, ૧૬મી માર્ચ પછી પવાર પરિવારની ત્રણ પેઢી સંસદના ઉપલા ગૃહમાં એકસાથે જોવા મળી શકે છે. સુપ્રિયા સુળે પહેલાંથી જ રાજ્યસભાનાં સાંસદ છે અને મહાયુતિના ઘટક પક્ષ તરીકે રાષ્ટ્રવાદીના ફાળાની એક સીટ માટે પાર્થ પવારનું નામ આગળ કરાશે. વળી, પાર્થનાં માતા સુનેત્રાની રાજ્યસભા બેઠક પણ ખાલી પડવાની હોવાથી પાર્થ સ્વાભાવિક પસંદગી પણ બને છે. આ બધી ખેંચતાણમાં પ્રિયંકા ચતુર્વેદીનો ભોગ લેવાઈ ગયો છે. કોંગ્રેસ છોડી શિવસેનામાં આવેલાં ચતુર્વેદીની ટર્મ પણ પૂરી થાય છે, પણ તેની ઉમેદવારીને કોંગ્રેસે માન્ય ન રાખી હોત. ઉદ્ધવ ઠાકરેને રાજ્ય વિધાન પરિષદમાં આઘાડીની ઉમેદવારી આપવાનું સાટું પવાર વાળશે જ.

**માટે રાજી કરવાથી લઈને ઉદ્ધવ ઠાકરે સાથે ચર્ચા અને કોંગ્રેસ હાઈ કમાન્ડનો સંપર્ક કરવામાં સુપ્રિયા સુળેએ પહેલ કરી હતી. આમ, પવારના સ્થાન અને માન સાથે શાન પણ જળવાઈ છે.**

### ફાઈનલમાં ભારત સામે ટકરાનારી ન્યૂ ઝીલેન્ડની ટીમ પણ બળુકી છે.

# રવિવારે ફાઈનલ, ન્યૂ ઝીલેન્ડને હરાવી ભારત હેટટ્રિક કરી શકે

### જો કે સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડે આપણને પરસેવો પડાવી દીધો એ કબૂલવું પડે.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને ભારતની ટીમે રંગ રાખી દીધો. આ જીત સાથે હવે ફાઈનલમાં ભારતની ન્યૂ ઝીલેન્ડ સાથે ટક્કરનો તખ્તો તૈયાર છે. ભારતમાં ક્રિકેટ વર્લ્ડ કપ રમાતો હોય ત્યારે વર્લ્ડ કપ ભારત જ જીતે એવી ક્રિકેટ ચાહકોને અપેક્ષા હોય જ ને આ અપેક્ષા પૂરી થવા આડે હવે એક જ જીત છે એ જોતાં ક્રિકેટ ચાહકો ઈચ્છતા હતા એવા પરફેક્ટ ફિનિશિંગનો તખ્તો તૈયાર છે.

રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ન્યૂ ઝીલેન્ડને પછાડીને સૂર્યકુમાર યાદવની ટીમ વધુ એક વાર વર્લ્ડ ચેમ્પિયન બનીને આ પરફેક્ટ ફિનિશિંગ પાર પાડે એવું સૌ ઈચ્છે છે. ભારતે આ વર્લ્ડ કપમાં આફ્રિકા સામેની મેચને બાદ કરતાં સારી રમત બતાવી છે એ જોતાં ચેમ્પિયન બની શકે છે. આપણે બીજી મેચોમાં બહુ પરસેવો નહોતો પાડવો પડ્યો કેમ કે સામેની ટીમો પહેલેથી પાણીમાં બેસી ગયેલી. ગ્રૂપ સ્ટેજમાં તો પાકિસ્તાન સિવાય બીજી કોઈ રેગ્યુલર ટીમ સામે રમવાનું નહોતું ને પાકિસ્તાન પહેલાં જેવું છે નહીં તેથી ભારત સામે પડકાર નહોતો.

સુપર એઈટમાં અસલી ટક્કર આફ્રિકા સામે હતી ને તેમાં આપણે હારી ગયેલા. એ પછી વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વેને હરાવીને આપણે સેમી ફાઈનલમાં આવ્યા. વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે બંને વર્લ્ડ કપમાં દમખમ સાથે રમ્યાં પણ તેમની હાલત દશેરાના દાડે ઘોડું ના દોડે એવી થયેલી તેથી ભારત સામે જ જોર ના બતાવી શક્યાં.

જો કે સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડે આપણને પરસેવો પડાવી દીધો એ કબૂલવું પડે. સેમી ફાઈનલમાં ભારતે ૨૦ ઓવરમાં ૨૫૩ રન ખડક્યા ત્યારે સૌને લાગતું હતું કે, ઈંગ્લેન્ડ ઝીક નહીં ઝીલી શકે. ઈંગ્લેન્ડ ૧૦૦ રનની અંદર ૪ વિકેટ ગુમાવી દીધી ત્યારે આ વાત સાચી પડતી લાગી રહી હતી પણ પછી જેકબ બેથેલની બેટિંગે ભારતીયોના શ્વાસ અધ્ધર કરી દીધેલા.

બેથેલે વિલ જેક્સ અને સેમ કરન સાથે નિર્ણાયક ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને જીતના આરે લાવીને મૂકી દીધેલું. ૧૭મી ઓવર પૂરી થઈ ત્યારે ઈંગ્લેન્ડે જીતવા માટે ૪૫ રન કરવાના હતા ને બેથેલ તથા કરન ઊભા હતા તેથી ઈંગ્લેન્ડ જીતી જાય એવું લાગતું હતું પણ આપણા બે ગુજરાતી ભાયડા જસપ્રિત બુમરાહ અને હાર્દિક પંડ્યાએ ૧૮મી અને ૧૯મી ઓવરમાં બધા મળીને ૧૫ રન આપ્યા ને સેમ કરનને આઉટ કરતાં બાજી ભારતની તરફેણમાં આવી ગયેલી.

કરન આઉટ થયો પછી બેથેલ પર પ્રેશર વધ્યું ને સ્ટ્રાઈક પોતાની પાસે રાખવાના ચક્કરમાં છેલ્લી ઓવરના પહેલા બોલે રનઆઉટ થયો એ સાથે ઈંગ્લેન્ડની લડતનો અંત આવી ગયેલો. છેલ્લે જોફરા આર્ચરે સળંગ ત્રણ સિક્સર ફટકારીને લોકોનું થોડું મનોરંજન કર્યું પણ મેચ પહેલાં જ ઈંગ્લેન્ડના હાથમાંથી સરકી ગયેલી તેથી આર્ચરની આતશબાજી કંઈ કામ ના આવી. આર્ચરની આતશબાજીના કારણે જીતનું અંતર ઘટ્યું પણ બીજો કોઈ ફરક ના પડ્યો.

ફાઈનલમાં ભારત સામે ટકરાનારી ન્યૂ ઝીલેન્ડની ટીમ પણ બળુકી છે. ન્યૂ ઝીલેન્ડે આ વર્લ્ડ કપમાં ગ્રૂપ સ્ટેજમાં કે સુપર એઈટમાં એવો જબરદસ્ત દેખાવ નથી કર્યો. સેમિ ફાઈનલમાં પણ બે વાંદરાની લડાઈમાં બિલાડી ફાવે એ રીતે પાકિસ્તાન ને શ્રીલંકાની લડાઈના કારણે ન્યૂ ઝીલેન્ડ આવેલું પણ સેમિ ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડે જોરદાર દેખાવ કર્યો હતો.

આફ્રિકા સામેની સેમિ ફાઈનલમાં ૧૬૯ રનનો સ્કોર ન્યૂ ઝીલેન્ડે ૧૩ ઓવરમાં તો ચેઝ કરીને સોપો પાડી દીધેલો. ફિન એલને ૩૩ બોલમાં ૧૦૦ રન ઝીકીને આફ્રિકાનાં છોતરાં ફાડી નાંખેલાં ને ટીમ સેઈફર્ટે ૩૩ બોલમાં ૫૮ રન કરીને તેને સાથ આપ્યો તેમાં ન્યૂ ઝીલેન્ડ સરળતાથી જીતી ગયેલું.

ન્યૂ ઝીલેન્ડે સેમિ ફાઈનલમાં સાબિત કરેલું કે, તેની પાસે ગમે તેવી પિચ પર પણ અકલ્પનીય હદે સ્ફોટક બેટિંગ કરી શકે એવા બેટ્સમેન છે. રવિન્દ્ર રચિન, ડેરેલ મિચલ, ગ્લેન ફિલિપ્સ, માર્ક ચેપમેન વગેરે ખતરનાક બેટ્સમેનથી ન્યૂ ઝીલેન્ડની ટીમ ભરેલી છે. ન્યૂ ઝીલેન્ડ પહેલાં પણ આવી સ્ફોટક બેટિંગ કરીને ભારત સહિતના દેશો પાસેથી મેચો ખૂંચવી ગયું છે તેથી ભારતે ફાઈનલમાં સતર્ક રહેવું પડે.

અમદાવાદની પિચ બેટ્સમેન માટે સારી છે ને ન્યૂ ઝીલેન્ડ પાસે છેક ૧૧મા નંબર સુધીની બેટિંગ લાઈન અપ છે તેથી ભારતે પરફેક્ટ પ્લાન સાથે ઉતરવું પડે. આમ પણ ટી-૨૦માં તો આઠ-દસ બોલમાં બાજી પલટાઈ જતી હોય છે. કદી સારું ના રમ્યો હોય એવા બેટ્સમેનના બેટમાં ૧૦ બોલ ભરાઈ જાય તો સામેની ટીમની પથારી ફરી જાય ને કોઈ બોલર ૧૦ બોલમાં બે સારા બેટ્સમેનને તંબુભેગા કરે તો પણ બાજી પલટાઈ જાય તેથી ભારતે એ માટે અત્યારથી તૈયારી કરી રાખવી પડે.

છેલ્લાં કેટલાંક વરસોથી આઈસીસીની સ્પર્ધાઓમાં ન્યૂ ઝીલેન્ડ ભારત પર ભારે પડતું હતું પણ આ વખતે ભારતની તરફેણમાં એક હકારાત્મક બાબત એ છે કે, ભારત અને ન્યૂ ઝીલેન્ડ છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ટકરાયાં ત્યારે ભારત જીતેલું અને ચેમ્પિયન બનેલું. ગયા વરસે દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડને ભારતે ૪ વિકેટે હાર આપી હતી. આ જીત સાથે ભારતે ન્યૂ ઝીલેન્ડ સામે આઈસીસીની સ્પર્ધાઓમાં હારનો સિલસિલો પણ તોડ્યો હતો. ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૧ રન કરેલા.

ભારતે રોહિત શર્માના ૭૬ અને શ્રેયસ અય્યરના ૪૮ રનની મદદથી ૪૯ ઓવરમાં આ સ્કોર ચેઝ કરીને જીત મેળવી હતી. અલબત્ત ભારતની વન ડે અને ટી-૨૦ ટીમ બિલકુલ અલગ છે ને ફોર્મેટ પણ અલગ છે તેથી ૨૦૨૫ની જીતના આધારે આ વખતે પણ આપણે જીતીશું એવું માની ના લેવાય પણ ન્યૂ ઝીલેન્ડ પર થોડું ઘણું દબાણ પેદા તો થશે જ. ભારત ઘરઆંગણે રમી રહ્યું છે તેનો પણ તેને ફાયદો છે જ.

ભારત રવિવારે જીતે તો આઈસીસી સ્પર્ધામાં જીતની હેટ્રિક પણ પૂરી થશે. ૨૦૨૩ પહેલાં ભારત આઈસીસી સ્પર્ધાઓ જીતી શકતું નહોતું. ભારત સેમિ ફાઈનલ કે ફાઈનલમાં આવીને ફસકી જતું હતું. ૨૦૨૩માં ભારતમાં જ વન ડેનો વર્લ્ડ કપ રમાયેલો છતાં ભારત જીત્યું નહતું ને ફાઈનલમાં અમદાવાદમાં ઓસ્ટ્રેલિયા સામે શરમજનક રીતે હારેલું. ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે જીત મેળવીને પરાજયનો ક્રમ તોડ્યો ને ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને જીતનો સિલસિલો આગળ ધપાવ્યો હતો. હવે આ વર્લ્ડ કપની ફાઈનલ જીતી જાય તો હેટ્રિક પૂરી થઈ જાય. આશા રાખીએ કે, સૂર્યકુમાર યાદવની ટીમ નિરાશ નહીં કરે.

### કોઈ એમ તર્ક કરી શકે કે ઈશ્વર તો દરેક જગ્યાએ, દરેક જીવમાં, દરેક પરિસ્થિતિમાં વ્યાપ્ત છે.

# કુસંગનો સદાય ત્યાગ કરવો

- **સારપ જાળવી રાખવી જરૂરી છે. સારપ જાળવી રાખવા માટે યોગ્ય પરિસ્થિતિ જળવાઈ રહે તે પણ જરૂરી છે. આજુબાજુની પરિસ્થિતિ જો નકારાત્મક હોય – જોખમી હોય તો તેનાથી સારપ અસરગ્રસ્ત થાય જ. બીજી રીતે જોઈએ તો, સદગુણની પ્રાપ્તિ અઘરી છે,**

નારદ ભક્તિ-સૂત્રનું આ કથન છે. અહીં એક સહજ અને સ્વાભાવિક બાબત તરફ નિર્દેશ કરાયો છે. જીવનને યથાર્થ બનાવવા, જીવનમાં સાત્ત્વિકતાની સ્થાપના કરી તે સાત્ત્વિકતાને વધુ દ્રઢતા આપવા, જીવનને યોગ્ય માર્ગે લઈ જવા, જીવનમાં આધ્યાત્મિકતાનું પ્રભુત્વ કાયમ રાખવા અને જીવનમાં ઉત્તરદાયિત્વ કે ધર્મ પ્રત્યેની નિષ્ઠા જળવાઈ રહે તે માટે દુ:સંગ – કુસંગથી દૂર રહેવાની આ વાત છે. આમ તો આ સામાન્ય સર્વસ્વીકૃત બાબત છે, છતાં પણ તે પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. તેથી જ આ વાત શાસ્ત્રોમાં વારંવાર પુનરાવર્તિત કરવામાં આવી છે.

કહેવાય છે કે જેવો સંગ તેવો રંગ. મજાની વાત એ છે કે આ ઘટના એક તરફી છે. સારી કેરીની વચ્ચે એક બગડેલી કેરી હોય તો બધી જ કેરી બગડી જાય. તેનાથી વિપરીત નથી થતું. જો ખરાબ કેરી વચ્ચે એક સારી કેરી હોય તો બધી કેરી સારી નથી થઈ જતી. હકીકત એ છે કે ખરાબ રંગ લાગવાની સંભાવના વધુ હોય છે, તે રંગનો પ્રભાવ વધારે હોવાની સંભાવના પણ વધુ હોય છે, અને તેને કારણે અંતે ઉદ્ભવતી પરિસ્થિતિ પણ વધુ જોખમી હોય છે.

સારપ જાળવી રાખવી જરૂરી છે. સારપ જાળવી રાખવા માટે યોગ્ય પરિસ્થિતિ જળવાઈ રહે તે પણ જરૂરી છે. આજુબાજુની પરિસ્થિતિ જો નકારાત્મક હોય – જોખમી હોય તો તેનાથી સારપ અસરગ્રસ્ત થાય જ. બીજી રીતે જોઈએ તો, સદગુણની પ્રાપ્તિ અઘરી છે, દુર્ગુણ સરળતાથી ગ્રહણ થઈ જાય છે. ઊંચાઈ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે, પતન તો સહજમાં શક્ય છે. સદગુણ વિકસાવવા માટે ધીરજ રાખી સાતત્યતા પૂર્ણ પ્રયત્ન કરવા પડે, દુર્ગુણ તો રસ્તે ચાલતાં ચાલતાં ગ્રહણ થઈ જાય. કુસંગ એટલે દુર્ગુણો સાથેનું સાનિધ્ય. કુસંગ એટલે અસાત્ત્વિક પરિસ્થિતિ પ્રત્યેનો લગાવ. કુસંગ એટલે અંતે નુકસાનકારક સાબિત થઈ શકે તેવી બાબતોનું સામીપ્ય. આ બધાની અસર નકારાત્મક હશે, વધુ તીવ્ર હશે, વધુ કાયમી હશે, વધુ નીંદનીય અને વધુ જોખમી હશે.

તેથી જ દરેક જગ્યાએ, દરેક સમયે, દરેક સંજોગોમાં, દરેક પ્રકારના પ્રયત્ન કરીને કુસંગથી દૂર રહેવું જરૂરી છે. કુસંગથી અવિવેક, અપવિત્રતા, દુરાચાર, વ્યસન-નશો, અસહિષ્ણુતા, અપવિત્રતા, અભિમાન, માનસિક અશાંતિ, હિંસા, જુઠ્ઠાપણું, વ્યભિચાર, સ્વાર્થ તથા નિર્દયતા જેવાં દૂષણો પ્રાપ્ત થતાં હોય છે. મન ખોટા વિચારે ચડી જતું હોય છે. સંગ અયોગ્ય હોય તો ખોટી આદત પડે, અસામાજિક તેમજ અનૈતિક કાર્યમાં જોડાવાની સંભાવના ઊભી થાય. અનુકરણ કરવું એ મનનો સ્વભાવ છે. મનની દ્રષ્ટિએ જે બાબતનું પ્રભુત્વ હોય તેનું અનુકરણ કરવા તે વધુ પ્રેરાય. જીવનમાં જ્યારે કુસંગનું જોર વધુ હોય ત્યારે સ્વાભાવિક રીતે કુ-બાબતો પ્રત્યેનું આકર્ષણ વધતું જાય અને મનને તે મુજબની પ્રવૃત્તિમાં આસક્ત રહેવું ગમે. કુસંગને કારણે ઈન્દ્રિયોને જે પ્રિય છે તે પ્રત્યેનો લગાવ વધે અને જીવન માટે જે શ્રેય છે તે તરફની નિષ્ક્રિયતા વધતી જાય.

કુસંગથી કામના તથા ભોગ પ્રત્યે પ્રીતિ જાગ્રત થાય, વિષયોમાં મન લિપ્ત થવાના સંજોગો ઊભા થાય, અનિચ્છનીય ઈચ્છા તથા અપેક્ષા પૂર્ણ ન થતા ક્રોધ જાગ્રત થવાની સંભાવના વધે, ભક્તિ તથા સાધનાથી વિમુખ થવાય, ક્યાંક શ્રદ્ધા અને વિશ્વાસ ડગી જાય, 'ઋણ કરીને પણ ઘી પીવું'ની ભાવના દ્રઢ થતી જાય, દુષ્ટ તથા અધર્મી પ્રત્યેનો લગાવ વધતો જાય, અને આ બધાને અંતે જીવનની હકારાત્મક સંભાવનાઓ નાશ પામે. કુસંગથી વ્યક્તિ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈ શકે. સત્સંગનો લોપ થતાં સારી પરિસ્થિતિથી દૂર થતાં જવાય. કુસંગને કારણે સત્ય અને ધર્મ દૂર થતાં જીવનમાંથી શિવ અને શુભ લુપ્ત થતાં જાય.જીવન એ મર્યાદિત સમયગાળાનો તબક્કો છે. આ સમયનો ઉપયોગ કેવી રીતે કરવો તે વ્યક્તિ જાતે નક્કી કરે છે. આ સમયનો ઉપયોગ જીવનને તારવા માટે પણ થઈ શકે અને ડૂબાડવા માટે પણ થઈ શકે. જીવનનો સમય મુક્તિ માટેનું માધ્યમ પણ બની શકે અને આ સમય ભવસાગરનાં બંધનો વધુ દ્રઢ થાય તે રીતે તેનો વ્યય પણ કરી શકાય. કુસંગથી સમયનો વ્યય જ થતો હોય છે.કોઈ એમ તર્ક કરી શકે કે ઈશ્વર તો દરેક જગ્યાએ, દરેક જીવમાં, દરેક પરિસ્થિતિમાં વ્યાપ્ત છે. તો પછી કુસંગ અને સત્સંગનો ભેદ કેવી રીતે ઉદ્ભવે. જ્યાં દરેક પ્રકારના દ્વન્દ્વથી મુક્ત થવાની વાત થતી હોય ત્યાં આ ભેદ શેની માટે. પ્રારંભિક અને બાળ સહજ તર્કથી જો વિચારવામાં આવે તો આ વાત સાચી પણ જણાય. સમજવાનું એ છે કે જીવનના પ્રાથમિક તબક્કામાં સાવચેતી જરૂરી છે. જીવનને ટકાવી રાખવા માટે અમુક પ્રકારનો ખોરાક યોગ્ય ગણાય જ્યારે અમુક પદાર્થ અભક્ષ્ય ગણાય. આ એક પ્રકારનો દ્વંદ્વ થયો જે સમજવો અને પાળવો જરૂરી છે. જો આમ કરવામાં ન આવે તો અસ્તિત્વ જોખમમાં આવી જાય. બની શકે કે વ્યક્તિનું શરીર એ પ્રકારનું સામર્થ્ય કેળવે, તે પછી તે સામાન્ય સંજોગોમાં અભક્ષ્ય કહેવાય તેવો પદાર્થ પણ ભોજન તરીકે સ્વીકારી શકે. પણ આ માટે વ્યક્તિએ તે પ્રકારનું સામર્થ્ય કેળવવું પડે. ત્યાં સુધી અભક્ષ્યથી દૂર રહેવું ઈચ્છનીય. સત્સંગ અને કુસંગ માટે પણ આમ જ કહી શકાય.જ્યાં સુધી મન મજબૂત નથી, જ્યાં સુધી ઈન્દ્રિયો તેના વિષયો પ્રત્યે આકર્ષાયેલી રહે છે, જ્યાં સુધી ચિત્ત સ્થિરતાને પામ્યું નથી, જ્યાં સુધી કામ અને અર્થ આધારિત પુરુષાર્થ માટે પ્રયત્નો ચાલુ છે, જ્યાં સુધી સદગુરુની કૃપા સ્થાપિત નથી થઈ, જ્યાં સુધી મન ભક્તિમાં લીન નથી થયું, જ્યાં સુધી સાધના વિચલિત થતી રહે છે, જ્યાં સુધી યથાર્થ જ્ઞાનની પ્રતીતિ નથી થઈ ત્યાં સુધી સાવચેત રહેવું સારું. ત્યાં સુધી કુસંગથી દૂર રહેવું સારું. હકીકત તો એ છે કે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પણ કુસંગ પતન નોતરી શકે છે. તેથી જ કુસંગથી સર્વથા દૂર રહેવું ઈચ્છનીય છે.

### એકલા સુપ્રીમ કોર્ટમાં ૮૦ હજારથી વધારે કેસો પડતર છે, હાઈકોર્ટમાં તો વધારે ખરાબ હાલત છે

# ક્યાં સુધી 'તારીખ પે તારીખ'

### ભારતીય અદાલતોમાં ૫.૨૦ કરોડથી વધારે કેસો પડતર છે

ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ ન્યાયપાલિકામાં પડતર કેસોની વધતી સંખ્યા પર તાજેતરમાં જ પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. જોકે તેમણે બચાવ કરતાં એમ પણ કહ્યું કે શીર્ષ ન્યાયાધીશો દ્વારા રજાઓમાં પણ કામ કરવા છતાં ન્યાયિક કાર્યવાહીમાં વિલંબનો દોષ હંમેશાં ન્યાય વ્યવસ્થા પર નાખી દેવામાં આવે છે. ખરેખર પડતર કેસોની વધતી સંખ્યાને પૂરતી સંવેદના અને સમજ સાથે જોવી જોઈએ. ભારતીય અદાલતોમાં ૫.૨૦ કરોડથી વધારે કેસો પડતર છે. એકલા સુપ્રીમ કોર્ટમાં ૮૦ હજારથી વધારે કેસો પડતર છે. હાઈકોર્ટોમાં તો વધારે ખરાબ હાલત છે. દાખલા તરીકે અલાહાબાદ હાઈકોર્ટમાં જ ૧૧ લાખથી વધારે કેસો પડતર છે. ત્યાં ત્રણ લાખથી વધારે કેસો તો એવા છે, જે વીસ વર્ષથી ચાલતા આવે છે! દેશની અદાલતોમાં બહુ પ્રયાસ છતાં પડતર કેસોની સંખ્યા વધતી જાય છે. તેનું એક પાસું એ પણ છે કે દેશમાં જાગૃતિ વધી રહી છે અને લોકોએ પોતાના હક માટે લડવાનું તેજ કરી દીધું છે. કેસો તો વધતા જશે, પરંતુ કેસોને વધારે સમય સુધી પડતર રહેવાથી બચાવવા પડશે. કહેવાય પણ છે કે ન્યાયમાં વિલંબ અન્યાય સમાન છે.

નવા મુખ્ય ન્યાયાધીશની વાતોથી આશા જાગી છે. તેમણે કેસોમાં વારંવાર સ્ટેની માંગ કરવા અને કેસોની સુનાવણીમાં વિલંબમાં યોગદાન માટે કેટલાક વકીલોની ટીકા પણ કરી છે. એ વાત સાચી છે કે કેટલાય વકીલો એવા હોય છે જે પોતાના આર્થિક ફાયદા કે પોતાની કે પોતાના અસીલની ખામીઓ છૂપાવવા માટે તારીખ પે તારીખ લેતા જાય છે. અનેક વકીલોની કોશિશ એવી હોય છે કે કોઈ કેસમાં યોગ્ય સુનાવણી જ શરૂ ન થઈ શકે. જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી સમય બરબાદ કરવાનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સામાન્ય છેતરપિંડીના કેસોમાં પણ સુનાવણી અને સજાની રાહ જોતાં કેટલાંય વર્ષ વીતી જાય છે. મુખ્ય ન્યાયાધીશની આંગળી ખરેખર ન્યાયપાલિકાની એક દુખતી રગ પર પડી છે, તો આશા રાખીએ કે તે વકીલ સમાજને ત્વરિત ન્યાય માટે પ્રેરિત કરશે. ત્વરિત ન્યાય સુનિશ્ચિત કરવો જરૂરી છે, જેથી દેશની વ્યવસ્થા અને વિકાસમાં ઝડપ આવી શકે. ભારતની ન્યાય-વ્યવસ્થા વધુ સમય સુધી પડતર કેસોના ઢગલાથી ગ્રસ્ત ન રહી શકે. આ કોઈ રોગ સમાન છે, જેની સારવાર બહુ જરૂરી છે. આ મુદ્દો દેશમાં સૌથી વધુ દબાણવાળી ચિંતાઓમાં એક બની ગયો છે, કારણ કે ફરિયાદી પોતાના કેસની સુનાવણી માટે વર્ષો રાહ જોતા રહે છે. કેટલાય કેસોમાં ન્યાય માગવામાં એકાધિક પેઢીઓ ખર્ચ થઈ જાય છે.

**મુખ્ય ન્યાયાધીશના એ ઉદ્ગાર પર અવશ્ય ધ્યાન આપવું જોઈએ કે શીર્ષ પાંચ ન્યાયાધીશ વધતા કેસોને સંભાળવા માટે પોતાની રજાઓ દરમ્યાન પણ કામ કરે છે, છતાં તેમને વિલંબ માટે દોષી ઠેરવવામાં આવે છે.**

મુખ્ય ન્યાયાધીશના એ ઉદ્ગાર પર અવશ્ય ધ્યાન આપવું જોઈએ કે શીર્ષ પાંચ ન્યાયાધીશ વધતા કેસોને સંભાળવા માટે પોતાની રજાઓ દરમ્યાન પણ કામ કરે છે, છતાં તેમને વિલંબ માટે દોષી ઠેરવવામાં આવે છે. બેશક, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ વ્યક્તિગત સ્તર પર સુધાર લાવવાની કોશિશ કરી છે અને તેમની પ્રશંસા હોવી જોઈએ. સુધારની આ જ ભાવના ઉચ્ચ ન્યાયાલયો અને નીચલી અદાલતો સુધી પહોંચવી જોઈએ. આજે મુખ્ય ન્યાયાધીશે જે વિચાર્યું તે સમગ્ર ન્યાય વ્યવસ્થાની માનસિકતા બને તો તેના ઈચ્છિત પરિણામ દેખાશે. ન્યાયપાલિકામાં વ્યાપક સ્તર પર એ નક્કી કરવું પડશે કે કોઈપણ કેસને વિનાકારણે ન ખેંચવામાં આવે. ધ્યાન રહે, હંમેશાં આપણા દેશમાં નાગરિકોને સુનિશ્ચિત-ત્વરિત ન્યાયિક અધિકાર આપવાની માંગ થાય છે. શું ભારતીયોને નિશ્ચિત સમયસીમામાં ન્યાય મેળવવાનો અધિકાર આપવાનો સમય આવી ગયો છે?

# સચિનના પુત્ર અર્જુન તેંડુલકરના સાનિયા ચંડોક સાથે શાહી લગ્ન









ક્રિકેટ જગતના દિગ્ગજ એવા સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકરના ગુરુવારે મુંબઈ ખાતે એક ભવ્ય સમારોહમાં ઉદ્યોગસાહસિક સાનિયા ચંડોક સાથે લગ્ન થયાં હતાં. આ હાઈ-પ્રોફાઈલ લગ્ન સમારંભમાં રમતગમત, મનોરંજન અને રાજકારણ જગતની જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. જેમાં હાજર રહેલા સેલેબ્ઝમાં ક્રિકેટ અને આઈસીસીના ચેરમેન જય શાહ, ભૂતપૂર્વ ક્રિકેટર રાહુલ દ્રવિડ, અજીત અગરકર, યુવરાજ સિંહ, હરભજન સિંઘ, મોહમ્મદ કૈફ, પ્રજ્ઞાન ઓઝા, વેંકટેશ પ્રસાદ અને પીયૂષ ચાવલા તેમજ હર્ષા ભોગલેનો સમાવેશ થતો હતો. બોલિવૂડની હસ્તીઓમાં અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન, અભિષેક અને ઐશ્વર્યા રાય, શાહરૂખ ખાન અને તેનો પરિવાર,

આમિર ખાન, આશા ભોંસલે અને સોનુ નિગમ જેવી ફિલ્મી હસ્તીઓએ પણ હાજરી આપી હતી, તો ઉદ્યોગ અને રાજકારણમાંથી રિલાયન્સના મુકેશ અંબાણી અને નીતા અંબાણી, તેમના પુત્ર આકાશ અંબાણી અને શ્લોકા અંબાણી તથા રાજ ઠાકરે અને બીસીસીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાનો સમાવેશ થતો હતો.



## સલમાન ખાન રાજ અને ડીકેની આગામી ફિલ્મમાં સુપરહીરો અવતારમાં આવી શકે

એક તરફ સલમાનની 'બેટલ ઓફ ગલવાન'ની રાહ જોવાઈ રહી છે, ત્યારે હવે બીજી તરફ સલમાન એક સુપરહિરો અવતારમાં જોવા મળી શકે એવા અહેવાલો છે. એવી ચર્ચા છે કે છેલ્લા ત્રણ મહિનાથી ફિલ્મમેકર જોડી રાજ નિદિમોરુ અને ક્રિશઅના ડિ.કે. એટલે કે રાજ એન્ડ ડીકે સાથે સલમાનની ચર્ચા વિચારણાઓનો દોર ચાલે છે. સુત્રોના જણાવ્યા મુજબ હવે આ ચર્ચા એક રસપ્રદ પ્રોજેક્ટ તરફ આગળ વધી રહી છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રાજ અને ડીકે સલમાન માટે એક અનોખી સુપરહીરો ફિલ્મ પર કામ કરી રહ્યા છે, જે હોલિવૂડની ફિલ્મ 'હેંકોક' જેવી હોવાનો અંદાજ છે. સુત્રે જણાવ્યું કે ફિલ્મમાં સલમાન ખાન એક એવા સુપરહીરોનો રોલ કરશે જે વર્ષો સુધી દુનિયાને બચાવ્યા બાદ હવે થાકી ગયો છે અને પોતાનું કામ છોડીને નિવૃત્ત થવા માગે છે. પરંતુ પરિસ્થિતિઓ તેને શાંતિથી જીવવા દેતી નથી અને વારંવાર તેને ફરી એક્શનમાં પાછા ખેંચે છે, જેના કારણે તે વધુ મોટા સંઘર્ષમાં ફસાઈ જાય છે. ફિલ્મમાં કોમેડી અને સુપરહીરો તત્વોનું મિશ્રણ હશે, એટલે કે એક હાઈ-કોન્સેપ્ટ સુપરહીરો કોમેડી ફિલ્મ હશે.

સૂત્રો અનુસાર સલમાન ખાનને આ વિચાર ખુબ ગમ્યો છે, પરંતુ તે રાજ અને ડીકે પાસેથી સંપૂર્ણ સ્ક્રીનપ્લેની રાહ જોઈ રહ્યો છે. સલમાનની મુખ્ય ચિંતા ફિલ્મના બજેટને લઈને છે. તેણે નિર્માતાઓને સુચન કર્યું છે કે ફિલ્મ યોગ્ય બજેટમાં બનાવવામાં આવે, કારણ કે સલમાન અત્યંત મોંઘી સુપરહીરો ફિલ્મ કરવા માટે તૈયાર નથી. અહેવાલ મુજબ, એપ્રિલ ૨૦૨૬માં સલમાન ખાન અને રાજ - ડીકે વચ્ચે સ્ક્રિપ્ટ નેરેશન થવાની શક્યતા છે. જો બધું આયોજન મુજબ ચાલશે તો ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૬માં શરૂ થઈ શકે છે. ફિલ્મનું નિર્માણ મૈથરી મુવી મેકર્સ અને રીલ લાઈફ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા થવાનો અંદાજ છે.

## લાલોથી લઇને સુબેદાર અને યંગ શેર્લોક સહિત વીકેન્ડમાં ઓટીટી પર જલસો

### હેલો બચ્ચોં, જબ ખુલી કિતાબથી લઇને વોર મશીન સહિતનાં ટાઇટલ્સ આ અઠવાડિયે પ્રીમિયર થશે

આ અઠવાડિયે ઓટીટી પ્લેટફર્મ્સ પર નવું રોમાંચક કન્ટેન્ટ રિલીઝ થઈ રહ્યું છે. અનિલ કપૂર અભિનીત હાઈ-સ્ટેક્સ એક્શન થ્રિલર સુબેદારથી લઈને આ અઠવાડિયે લાઈનઅપમાં એક હૃદયસ્પર્શી બાયોગ્રાફિકલ ડ્રામા હેલો બચ્ચોં, એક એક્શનથી ભરપૂર સાય-ફાઈ થ્રિલર વૉર મશીન અને નેટફ્લિક્સ પર ટ્રિલોજીની ત્રીજી અને અંતિમ સીઝન સ્ટ્રીટ ફ્લો પણ સામેલ છે. સાથે જ આખરે હવે ઐતિહાસિક સફળતા મેળવનારી ગુજરાતી ફિલ્મ લાલો ઉપરાંત પણ ઘણુંબધું રસપ્રદ કનેટન્ટ આ અઠવાડિયે જોવા મળશે

યંગ શેર્લોક એમેઝોન પર્રાઈમ વીડિયો, ૫ માર્ચ

એન્ડ્રુ લેનનાં યંગ શેર્લોક હોમ્સ પુસ્તકો પરથી આધારિત આ સિરીઝનું ડિરેક્શન ગાય રિચીએ કર્યું છે અને ૧૯ વર્ષીના શેર્લોક હોમ્સ (હીરો ફાઈન્સ ટિફિન)ની કહાની દર્શાવે છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં તેનું જીવન એક હત્યાની તપાસને કારણે હચમચી જાય છે, જે તેની સ્વતંત્રતા માટે ખતરો બને છે. આ અણધારી પરિસ્થિતિ તેને તેની પ્રથમ મર્ડર મિસ્ટ્રી સોલ્વ કરવાની સફર પર લઈ જાય છે, જ્યાં તે વૈશ્વિક ષડયંત્રનો ખુલાસો કરે છે.

હેલો બચ્ચોં – નેટફ્લિક્સ, ૬ માર્ચ

આ સિરીઝ ફિઝિક્સના એક વિનમ્ર શિક્ષકની કહાની દર્શાવે છે, જે ભારતની સ્પર્ધાત્મક અને પરીક્ષા આધારિત શિક્ષણ પદ્ધતિમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ બધાને ઉપલબ્ધ બનાવવા માટે ઓનલાઈન લર્નિંગ દ્વારા પડકારોનો સામનો કરે છે. વીનિત કુમાર સિંહ અભિનીત આ સિરીઝ એડ-ટેક યુનિકોર્ન ફિઝિક્સ વલ્લાહના સ્થાપક અલખ પાંડેની સફર પરથી પ્રેરિત છે.

વ્લાદિમિર – નેટફ્લિક્સ, માર્ચ ૫

આ આઠ એપિસોડની થ્રિલર સિરીઝ જુલિયા મે જોનાસની નવલકથા પર આધારિત છે. વાર્તા એક અંગ્રેજી પ્રોફેસર (રેચેલ વાઈઝ)ની આસપાસ ફરે છે, જેના પતિ (જોન સ્લેટરી) પર ભૂતકાળના યૌન દુરાચારની તપાસ શરૂ થાય છે અને તેમની જિંદગી ઉથલપાથલ થઈ જાય છે. આ ઉથલપાથલ વચ્ચે, તે પોતાના હેન્ડસમ નવા સહકર્મી વ્લાદિમીર વ્લાદિન્સ્કી (લિઓ વૂડલ) પ્રત્યે આકર્ષિત થઈ જાય છે, જે તેનાં વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનને અસ્તવ્યસ્ત કરી દે છે.




વૉર મશીન – નેટફ્લિક્સ, માર્ચ ૬

રીચર માટે જાણીતા એલન રિટ્સન નેટફ્લિક્સની આવનારી એક્શનથી ભરપૂર સાય-ફાઈ થ્રિલર વૉર મશીનમાં મુખ્ય ભુમિકામાં છે. તે એક કોમ્બેટ એન્જિનિયરનું પાત્ર ભજવે છે, તેઓ અન્ય વિશ્વના અદ્યતન મેકેનોઈડ શિકારીના નિશાન બને છે, ત્યારે તેનો મૂલ્યાંકન ટેસ્ટ ત્યારે જીવતા રહેવાની લડતમાં બદલાઈ જાય છે.

જબ ખુલી કિતાબ ઝીપ, માર્ચ ૬

સૌરભ શુક્લા દ્વારા લખાયેલી અને નિર્દેશિત જબ ખુલી કિતાબ ગોપાલ એટલે કે પંકજ કપૂર અને અનુસુયા એટલે કે ડિમ્પલ કાપડિયા નામના દંપતીની કહાની કહે છે, જેમનું પાંચ દાયકાનું લગ્નજીવન એક જૂના પરસ્ત્રી સંબંધના રહસ્યથી તૂટી પડે છે. આ ખુલાસાથી વ્યથિત ગોપાલ ગુપ્ત રીતે તલાક લેવાનો નિર્ણય કરે છે, પરંતુ દબાયેલી લાગણીઓ તેમને પ્રેમ અને માફીને ફરીથી સમજવા અને એકબીજાને નવી રીતે શોધવા મજબૂર કરે છે.

સુબેદાર – એમેઝોન પ્રાઈમ વીડિયો, માર્ચ ૬

સુબેદારમાં નિવૃત્ત સૈનિક અર્જુન મૌર્ય (અનિલ કપૂર) ભારતના અંતરિયાળ પ્રદેશમાં સામાન્ય નાગરિક જીવન સાથે એડજસ્ટ થવાનો સંઘર્ષ કરે છે. પોતાની દીકરી સાથેના તૂટી ગયેલા સંબંધને સુધારવાનો પ્રયાસ કરતા અર્જુનની નવી જિંદગી એક બેદરકારીભરી ઘટનાથી ખોરવાઈ જાય છે, જે તેમને પોતાની શિસ્ત છોડીને તેની આર્મી તાલીમનો ઉપયોગ કરીને પોતાના સમાજને આતંકિત કરનારા ગુનેગારો સામે લડવા મજબૂર કરે છે.

અ ફ્રેન્ડ, અ મર્ડરર નેટફ્લિક્સ, માર્ચ ૫

આ ડેનિશ વાસ્તવિક ક્રાઈમ ડોક્યુસિરીઝમાં ત્રણ મિત્રો—અમાન્ડા, નિકલાસ અને કિરી—તેના નજીકના મિત્રવર્તુળના એક સભ્ય દ્વારા કરવામાં આવેલા ગુનાઓની ભયાનક યાદો શેર કરે છે અને બતાવે છે કે આ ઘટનાઓએ તેમની જિંદગી પર કેવી અસર પાડી.

લાલોઃ કૃષ્ણ સદા સહાયતે – સોની લિવ , માર્ચ ૬

આ ગુજરાતી ફિલ્મ લાલજી 'લાલો' પરમારના જીવનની કહાની રજૂ કરે છે, જે ગરીબ રિક્ષાચાલક છે અને પોતાના ભૂતકાળથી પીડિત છે તેમજ દારૂની લત સાથે સંઘર્ષ કરે છે. ઝડપી પૈસા મેળવવાની આશામાં તે એક દૂરના ફાર્મહાઉસમાં ફસાઈ જાય છે. કેદ દરમિયાન તેને ભગવાન કૃષ્ણના દર્શન થાય છે, જે તેને પોતાના આંતરિક સંઘર્ષનો સામનો કરવા અને મુક્તિ તરફ માર્ગદર્શન આપે છે.

## મનોરંજન ઉદ્યોગમાં સસ્ટેનેબિલિટી બાબતે ખરી જવાબદારીનો અભાવ છે : ભૂમિ



એક તરફ દેશ અને દુનિયા પર્યાવરણ, પુનઃપ્રાપ્ય ઉર્જાસ્ત્રોતો અને તેમાં લાંબા ગાળાના તેમજ ટકાઉ પરિવર્તનો પર સતત કામ કરે છે, બીજી તરફ ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગમાં આજે પણ ઘણી બાબતોમાં આજે પણ પરંપરાગત અભિગમ સાથે જ કામ થાય છે. તાજેતરમાં એક મેગેઝિન સાથેના ઈન્ટરવ્યુમાં ભૂમિ પેડનેકરે આ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ભૂમિએ મનોરંજન ઉદ્યોગમાં સસ્ટેનેબિલિટી અંગે વધુ જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેણે જણાવ્યું કે લાંબા ગાળાના પરિવર્તન માટે વ્યવસ્થિત અને જવાબદાર પગલાં લેવા અત્યંત જરૂરી છે. તેણે ચોક્કસ ધારા ધોરણો અને પારદર્શકતાના અભાવ વિશે પણ વાત કરી હતી.

ભૂમિએ કહ્યું, "મને લાગે છે કે પહેલું પગલું જવાબદારી છે. હાલમાં ખાસ કરીને વિવિધ ઉદ્યોગોના સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ બાબતે ખરેખર અભાવ છે, જે મારા મતે અત્યંત મહત્વનું છે. હકીકત તો એ છે કે આપણી ઈન્ડસ્ટ્રી ઘણી હદ સુધી ઘણી બેજવાબદાર છે, પ્લાસ્ટિક અને અન્ય પર્યાવરણને નુકસાન કરે એવી સામગ્રીનો વ્યાપક ઉપયોગ થાય છે. પરંતુ જો આપણે અસરકારક રીતે રિસાયક્લિંગ શરૂ કરીએ અને કાર્બન ફૂટપ્રિન્ટ, રિસાયક્લેબિલિટી અને રિયૂઝેબિલિટી જેવી બાબતો પર યોગ્ય ડેટા જાળવીએ, તો લોકો તેની અસરો અંગે વધુ સ્પષ્ટ સમજ મેળવી શકશે. આવી જાગૃતિ એક ઉત્તમ શરૂઆત બની શકે."

હાલ ફિલ્મ નિર્માણમાં પર્યાવરણની દૃષ્ટિએ જવાબદારીભર્યા પગલાં અંગે ચાલી રહેલી ચર્ચાઓ છે, જેમાં સેટ પર કચરાના સંચાલન અને સંસાધનોના ઉપયોગ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

# સેમસન સહિત ૮ ખેલાડી પ્લેયર ઓફ ધ વર્લ્ડ કપ માટે નોમિનેટ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા શુક્રવારે વર્તમાન ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ માટે ‘પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ’ના આઠ દાવેદારોની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલા ભારતીય ઓપનર સંજુ સેમસનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતી ટીમ ફાઈનલમાં પહોંચી છે અને રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામે તે ફાઈનલ મુકાબલો કરશે.

ટુર્નામેન્ટની શરૂઆતમાં ટીમમાં સ્થાન ન મળવા છતાં સેમસને તક મળતા જ શાનદાર પ્રદર્શન કર્યું છે. સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે તેણે ૪૨ બોલમાં ૮૯ રન ફટકારીને ભારતને સફળતા અપાવી હતી. ભારતની છેલ્લી બે મેચમાં તે જીતનો હીરો બન્યો હતો. આ અગાઉ વેસ્ટ ઈન્ડિઝ સામેની ક્વાર્ટર ફાઈનલમાં પણ તેણે ૫૦ બોલમાં ૯૭ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી.

સંજુ સેમસન ઉપરાંત પાકિસ્તાનના ઓપનર સાહિબજાદા ફરહાનનો પણ આ યાદીમાં સમાવેશ કરાયો છે. તેણે એક જ વર્લ્ડ કપમાં ૩૮૩ રન ફટકારીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે, જેમાં શ્રીલંકા અને નામિબિયા સામેની તેની બે સદી પણ સામેલ છે. આ ઉપરાંત અમેરિકાનો શાલકવીકને પણ સામેલ કરાયો છે. અમેરિકા ભલે ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ ગયું, પણ તેણે માત્ર ચાર મેચમાં ૧૩ વિકેટ લઈને બોલરો માટે નવો માપદંડ સ્થાપિત કર્યો હતો. ફાઈનલમાં રમનારી ન્યૂઝીલેન્ડની ટીમના રચિન રવીન્દ્ર અને ટિમ સેફર્ટ આ બંને ખેલાડીઓએ કિવિ ટીમને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેઓ પણ આ એવોર્ડ માટે નોમિનેટ થયા છે. ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે હારી જતા અગાઉ સાઉથ આફ્રિકાની ટીમ અજેય રહી હતી અને આ ટીમના કેપ્ટન એઈડન માર્કરમ અને ઝડપી બોલર લુંગી એંગિડી તથા ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર વિલ જેક્સ પણ આ એવોર્ડ માટે નોમિનેટ થયેલા છે. સંજુ સેમસન આ તમામની સરખામણી કરી શકે તેવું પ્રદર્શન ધરાવે છે. તેણે ૭૭.૩૩ની સરેરાશ અને ૨૦૧.૭૩ના સ્ટ્રાઈક રેટથી ૨૩૨ રન ફટકાર્યા છે.




# ઝિમ્બાબ્વેની ટીમના ખેલાડીઓ અલગ અલગ ગ્રૂપમાં વતન રવાના




ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલા સંઘર્ષ અને એર સ્પેસ બંધ થવાને કારણે ભારતમાં અટવાયેલા ઝિમ્બાબ્વેના ક્રિકેટરો આખરે પોતાના વતન જવા રવાના થયા છે. આઈસીસી દ્વારા તેમની મુસાફરી માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવ્યા બાદ આ શક્ય બન્યું છે. ઝિમ્બાબ્વેની ટીમ ભારતમાં ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં રમવા આવી હતી. તેણે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું પરંતુ સુપર-૮ તબક્કામાં હારવાથી તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું હતું.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ગલ્ફ વિસ્તારનું એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું હતું. આ કારણે બીજી માર્ચે રવાના થનારી ઝિમ્બાબ્વેની ટીમ દિલ્હીમાં જ અટવાઈ પડી હતી. અગાઉ ટીમ દુબઈ થઈને જવાની હતી પરંતુ હવે તેઓ ઈથોપિયાના અડીસ અબાબા થઈને હરારે જઈ રહ્યા છે. જોકે ફ્લાઈટ્સની ઉપલબ્ધતાને કારણે ખેલાડીઓ અલગ-અલગ ટુકડીઓમાં જઈ રહ્યા છે. પ્રથમ ગ્રૂપ બુધવારે રવાના થયું હતું, જ્યારે બાકીના ખેલાડીઓ શુક્રવારે રવાના થશે. “ઝિમ્બાબ્વે ક્રિકેટ પુષ્ટિ કરે છે કે આઈસીસી દ્વારા વૈકલ્પિક મુસાફરી વ્યવસ્થા કરવામાં આવ્યા બાદ ટીમ ભારતથી પરત ફરી રહી છે. ફ્લાઈટની ઉપલબ્ધતા મુજબ ખેલાડીઓ બેચમાં પરત ફરશે.” તેમ ઝિમ્બાબ્વે ક્રિકેટ બોર્ડે ઠ પર પોસ્ટ કરી હતી.

ઝિમ્બાબ્વે માટે આ ટી૨૦ વર્લ્ડ કપ યાદગાર રહ્યો હતો. તેઓએ ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા જેવી મજબૂત ટીમોને હરાવીને ‘સુપર-૮’માં જગ્યા બનાવી હતી. જોકે, સુપર-૮ થી તેઓ આગળ વધી શક્યા નહોતા અને ગયા સપ્તાહે યજમાન ભારત સામે હાર્યા બાદ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા હતા.

# રાંદેર મોરાભાગલ ખાતે નેપોલી ગ્રુપ દ્વારા ધુળેટી ક્રિકેટ કપનું આયોજન કર્યું



ઓલપાડ:-રાંદેર મોરાભાગળ ના નેપોલી ગ્રુપ દ્વારા ધુળેટી ક્રિકેટ કપ રમાડવા માં આવી હતી. જેમાં કુલ ચાર ટીમો એ ભાગ લીધો હતો.જેમાં રોમાંચક ફાઈનલ મેચ નો મુકાબલો નેપોલી ડી ઈલેવન અને નેપોલી એ ઈલેવન વચ્ચે રમાય હતી.જેમાં માં જતીન ભગત ની નેપોલી એ ટીમે ચેમ્પિયન બની હતી આ ટુર્નામેન્ટ આઈ પી એલ પ્રમાણે રમાડવા માં આવી હતી.આઈકોન પ્લેયર, સ્પોન્સર પણ રાખવા માં આવ્યા હતા મેચ ના અંતે નેપોલી ગ્રુપ તેમજ પટેલ યુવક મંડળ ના વડીલો તેમજ ઓલપાડ તાલુકા ના અંભેટાં ગામ ના યુવા ખેડુત આગેવાન તનય દેસાઈ હાજર રહી બાળકો અને યુવાનો નો ઉત્સાહ વધાર્યો હતો.અને વિજેતા ટીમ અને રનર્સઅપ ટીમ ને ટ્રોફી એનાયત કરવા માં આવી હતી

# એમ લાગતું હતું કે બોલ મારો પીછો કરી રહ્યો છે, બ્રુકનો કેચ શ્રેષ્ઠઃ અક્ષર

## સેમિફાઇનલમાં હેરી બ્રુક અને વિલ જેક્સની વિકેટ અપાવવામાં અક્ષરની ભૂમિકા મહત્વની રહી





ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં રમી રહેલી ભારતીય ટીમના વાઈસ-કેપ્ટન અક્ષર પટેલે મજાકમાં કહ્યું હતું કે ઈંગ્લેન્ડના રન ચેઝ દરમિયાન બોલ તેનો “પીછો” કરી રહ્યો હતો. આ હાઈ-સ્કોરિંગ સેમિફાઈનલમાં વર્તમાન ચેમ્પિયન ભારતનો સાત રનથી રોમાંચક વિજય થયો હતો. ભારતની આ સફળતામાં અક્ષર પટેલની શાનદાર ફિલ્ડિંગના પ્રદર્શને નિર્ણાયક તફાવત ઉભો કર્યો હતો.

અહીંના વાનખેડે સ્ટેડિયમની સપાટ પિચ પર કુલ ૪૯૯ રન નોંધાયા હતા, જેમાં ઈંગ્લેન્ડ ૨૫૪ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા સહેજ માટે ચૂકી ગયું હતું. સેમિફાઈનલ અગાઉ ભારત દ્વારા કુલ મળીને ૧૩ કેચ છૂટ્યા હતા પરંતુ ગુરુવારે અક્ષર પટેલે ફિલ્ડિંગમાં ઊંચો બેન્ચમાર્ક સેટ કરીને ટીમની રમતમાં સુધારો કર્યો હતો. આ સેમિફાઈનલમાં હેરી બ્રુક અને વિલ જેક્સની વિકેટ અપાવવામાં અક્ષરની ભૂમિકા મહત્વની રહી હતી.

તેણે મેચના બે મહત્વના તબક્કે ખતરનાક હેરી બ્રુક અને વિલ જેક્સને પેવેલિયન ભેગા કર્યા હતા. ફોર્મમાં ચાલી રહેલા હેરી બ્રુકને પાવરપ્લેમાં જ આઉટ કરવામાં આવ્યો હતો. જસપ્રિત બુમરાહના સ્લો-કટર પર કવર પોઝિશન પરથી ૨૪ મીટર પાછળ દોડીને અક્ષરે અદભૂત કેચ ઝડપ્યો હતો.

અક્ષરની બીજી કરામત ૧૪મી ઓવરમાં જોવા મળી હતી જ્યારે જેકબ બેથેલ અને જેક્સ ભારત પાસેથી મેચ છીનવી લેવાની તૈયારી કરી રહ્યા હતા. આ સમયે અર્શદીપના વાઈડ ફુલ ટોસ પર જેક્સનો શોટ ડીપ પોઈન્ટ તરફ ગયો હતો જ્યાં અક્ષરે ડાબી બાજુ દોડીને કેચ પકડ્યો અને બાઉન્ડ્રી લાઇન પાર કરતા પહેલા બોલ શિવમ દૂબેને પાસ કરી દીધો હતો. આમ ભારતને વિલ જેક્સની વિકેટ મળી હતી.મેચની સ્થિતિ જોતા જેક્સનો કેચ વધુ મહત્વનો હતો, પણ અક્ષરને લાગ્યું કે બ્રુકનો કેચ લેવો વધુ અઘરો હતો. તેણે કહ્યું કે “જો તમે ફિલ્ડિંગની દ્રષ્ટિએ પૂછો તો હેરી બ્રુકનો કેચ અઘરો હતો. અને હા, નસીબજોગે આજે મને લાગ્યું કે બોલ મારો પીછો કરી રહ્યો છે.” ટી૨૦ વર્લ્ડ કપ ટુર્નામેન્ટના ઈતિહાસમાં નોક-આઉટ ગેમનો સર્વોચ્ચ સ્કોર હોવા છતાં બેથેલની તોફાની ઈનિંગ્સને કારણે મેચ છેલ્લી ઘડી સુધી ખેંચાઈ હતી. જોકે અક્ષરે જણાવ્યું હતું કે તેને મધ્ય ઓવરોમાં વિશ્વાસ હતો કેમ કે બુમરાહ અને અર્શદીપની ઓવરો બાકી હતી. બુમરાહે ૧૮મી ઓવરમાં માત્ર છ રન આપીને મેચ ભારત તરફ નમાવી દીધી હતી.

# અમદાવાદમાં ભારત-ન્યૂઝીલેન્ડ મહામુકાબલા પહેલા યોજાશે ક્લોઝિંગ સેરેમની



વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઠમી માર્ચે T20 વર્લ્ડ કપ ૨૦૨૬નો ભવ્ય ફાઈનલ મુકાબલો ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાવા જઈ રહ્યો છે. આ ઐતિહાસિક મેચ પૂર્વે ક્રિકેટ ચાહકો માટે મનોરંજનનો ડબલ ડોઝ પીરસવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ જાહેરાત કરી છે કે આંતરરાષ્ટ્રીય પોપ આઈકોન રિકી માર્ટિન સમાપન સમારોહમાં પરફોર્મ કરશે.

ભારતીય ટીમ અત્યંત શાનદાર ફોર્મમાં છે. સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડને ધૂળ ચટાડ્યા બાદ હવે ટીમ ઈન્ડિયાની નજર સતત બીજી વખત ખિતાબ જીતવા પર છે. અગાઉ ૨૦૨૪માં રોહિત શર્માના નેતૃત્વમાં ભારતે આ ટ્રોફી જીતી હતી. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાને હરાવીને ફાઈનલમાં પહોંચેલી ન્યૂઝીલેન્ડની ટીમ ભારતને ટક્કર આપવા તૈયાર છે.

ફાઈનલ મેચની શરૂઆત પહેલા સ્ટેડિયમમાં ભવ્ય મ્યુઝિકલ શોનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્લોબલ સુપરસ્ટાર રિકી માર્ટિન પોતાના સુપરહિટ લેટિન પોપ ગીતો અને હાઈ-વોલ્ટેજ સ્ટેજ પર્ફોર્મન્સથી ચાહકોને ઝૂમાવશે. ICCએ સત્તાવાર રીતે જણાવ્યું છે કે, 'T20 વર્લ્ડ કપની પાર્ટી હવે વધુ મોટી બની ગઈ છે. રિકી માર્ટિન આ સમાપન સમારોહનું નેતૃત્વ કરશે.'આઠમી માર્ચે રમાનારી આ મેચ માટે અમદાવાદના રસ્તાઓથી લઈને હોટલો સુધી બુકિંગ ફુલ થઈ ગયા છે. રિકી માર્ટિનની ઉપસ્થિતિએ આ ગ્લોબલ ઈવેન્ટમાં ગ્લેમરનો તડકો લગાવ્યો છે. ભારતીય ચાહકો આશા રાખી રહ્યા છે કે આ ભવ્ય સ્ટેજ પર ભારત ફરી એકવાર વિશ્વ વિજેતા બનીને ઉભરશે.

# ન્યુઝીલેન્ડ બુમરાહ પ્રત્યે સાવધ : જસપ્રીત એક વર્લ્ડ ક્લાસ બોલર છે; ફિલિપ્સ




ન્યૂઝીલેન્ડના ખેલાડી ગ્લેન ફિલિપ્સે કહ્યું કે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ એક વર્લ્ડ ક્લાસ બોલર છે, પરંતુ તેનો દિવસ પણ ખરાબ હોઈ શકે છે અને તેની ટીમ રવિવારે થનારા T20 વર્લ્ડ કપ ફાઈનલમાં આ અપેક્ષા સાથે રમશે.બુમરાહ ભારતનો સ્ટાર રહ્યો છે, તેણે પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કર્યું છે. ડેથ ઓવરોમાં તેની બોલિંગ શાનદાર રહી છે.T20 વર્લ્ડ કપ પહેલા દ્વિપક્ષીય શ્રેણીમાં ફિલિપ્સને ભારતીય મહાન ખેલાડીઓ સામે થોડી સફળતા મળી હતી. જોકે, તે માને છે કે ભૂલો કરવી માનવીય છે અને બુમરાહ પણ તેનાથી અલગ નહીં હોય.ફિલિપ્સે યજમાન ટીમ માટે ચેતવણી જારી કરી અને બુમરાહની પ્રશંસા કરતા કહ્યું, "બુમરાહ એક શાનદાર બોલર છે. તેની પાસે ઘણી બધી વિવિધતાઓ છે. તે ડેથ ઓવરોમાં ખૂબ સારી બોલિંગ કરે છે. તે પણ માનવ છે. આપણા બાકીના લોકોની જેમ તેનો પણ ખરાબ દિવસ આવી શકે છે. તેથી આશા છે કે, તેની સામે આપણો દિવસ સારો રહેશે."

# બાંગ્લાદેશ સામેની સિરીઝ માટે પાક. ટીમમાં છ ફેરફાર કરાયા



પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની વન-ડે ક્રિકેટ સિરીઝ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ૧૧મી માર્ચથી શરૂ થઈ રહેલી આ સિરીઝ માટેની ટીમમાં નવા ચહેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની ત્રણ વન-ડે મેચની સિરીઝ ૧૧, ૧૩ અને ૧૫મી માર્ચે ઢાકા ખાતે રમાશે. આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપના સુપર-૮ સ્ટેજમાં પાકિસ્તાનના નબળા પ્રદર્શન બાદ પસંદગીકારોએ કડક વલણ અપનાવ્યું હોય તેમ લાગે છે. માઝ સદાકત, શામિલ હુસૈન, ગાઝી ઘોરી, સાદ મસૂદ અને અબ્દુલ સમદ જેવા યુવાન ખેલાડીઓને ટીમમાં આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત સિનિયર ખેલાડીઓ ઝડપી બોલર હેરિસ રઉફ અને બેટ્સમેન હુસૈન તલતનું ટીમમાં પુનરાગમન થયું છે. ટીમનું નેતૃત્વ શાહિન શાહ આફ્રિદી સંભાળશે. ઈરાન યુદ્ધને કારણે ફ્લાઈટમાં થયેલા વિક્ષેપને લીધે આ પ્રવાસ પર અનિશ્ચિતતાના વાદળો છવાયા હતા, પરંતુ આખરે પીસીબીએ ટીમ જાહેર કરીને પ્રવાસની પુષ્ટિ કરી છે. પાકિસ્તાની ટીમ નવમી માર્ચે ઢાકા જવા રવાના થશે. શ્રેણીની ત્રણેય વનડે મેચો શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે.બાંગ્લાદેશના પ્રવાસ માટેની પાકિસ્તાની ટીમ આ મુજબ છે. શાહિન શાહ આફ્રિદી (સુકાની), મોહમ્મદ રિઝવાન, મોહમ્મદ ગાઝી ઘોરી, હેરિસ રઉફ, હુસૈન તલત, અબ્દુલ સમદ, અબરાર અહેમદ, ફહીમ અશરફ, ફૈઝલ અકરમ, માઝ સદાકત, મોહમ્મદ વસીમ જુનિયર, સાદ મસૂદ, સાહિબઝાદા ફરહાન, સલમાન અલી આગા, શામિલ હુસૈન.

# રાજસ્થાન રોયલ ખરીદવા આદીત્ય બિરલા ગ્રૂપ મેદાને



મુંબઈઃ આગામી સમયમાં આઈપીએલનો પ્રારંભ થાય તે પુર્વે રોયલ ચેલેન્જર બેંગ્લોર વેચાઈ જશે તેવી ચર્ચા છે. હવે વધુ એક આઈપીએલ ફ્રેન્ચાઈઝી પણ વેચાવાની તૈયારીમાં છે.

રાજસ્થાન રોયલ માટે દેશના જાણીતા આદીત્ય બિરલા ગ્રુપે રસ દાખવ્યો છે. આ ગ્રુપના ડિરેકટર આર્યમાનન બિરલાએ રાજસ્થાન રોયલ સંયુક્ત રીતે ખરીદવા અમેરિકાની સ્પોર્ટસ ઈન્વેસ્ટમેન્ટ ડેવિડ બ્લીત્ઝર ગ્રુપ સાથે વાટાઘાટ શરૂ કરી છે અને તેવો તા.૧૫ના રોજ ૧થી૧.૨ બીલીયન ડોલર એટલે કે અંદાજે રૂા.૮૩૦૦ થી રૂા.૮૫૦૦ કરોડમાં ખરીદવા ઓફર કરશે.

જે બાદ સોદાની તારીખ મુજબ એકસચેંજ વેલ્યુ નકકી થશે. હાલ આ ટીમનો મોટો હિસ્સો એન્ટરપ્રિનીયોર્સ મનોજ બદાલે આવે છે અને આ બીડમાં ઈન્વેસ્ટમેન્ટ ગ્રુપ ધ રાઈને બેન્ક સંભાળી રહી છે જે વેચનારની સલાહકારની ભૂમિકામાં છે.



# ચેમ્બર દ્વારા 'ટ્યુબરક્યુલોસિસ મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન' વિષે સત્ર યોજાયું

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટ્યુબરક્યુલોસિસ (ટીબી) અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી ગુરૂવાર, તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ટ્યુબરક્યુલોસિસ: મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન – બ્રેકિંગ મિસકોન્સેપ્શન, પ્રમોટિંગ અર્લી ડિટેક્શન, એન્શ્યોરિંગ કમ્પ્લીટ ક્યોર' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટ્યુબરક્યુલોસિસ જેવી ચેપજન્ય બીમારી અંગે સમાજમાં હજુ પણ અનેક ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આવા વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શનથી લોકોને સાચી માહિતી મળે અને જાગૃતિ વધે તે માટે ચેમ્બર દ્વારા સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્ય વક્તા તરીકે ડૉ. રાહુલ સંઘવી (WHO કન્સલ્ટન્ટ – ગુજરાત) દ્વારા ટ્યુબરક્યુલોસિસ અંગે વ્યાપક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ટીબીના લક્ષણો, તેના ફેલાવાના કારણો, સમયસર નિદાન અને સારવારની જરૂરિયાત અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે યોગ્ય સમય પર તપાસ અને સંપૂર્ણ સારવાર દ્વારા ટીબી સંપૂર્ણપણે મટાડી શકાય છે. સાથે જ તેમણે લોકોને આ રોગ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરીને જાગૃત બનવાની અપીલ કરી હતી. આ ઉપરાંત ભારતના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ટીબી એલિમિનેશન પ્રોગ્રામ હેઠળ સેન્ટ્રલ ટીબી ડિવિઝનના જોઈન્ટ કમિશનર અને એડિશનલ ડેપ્યુટી ડિરેક્ટર જનરલ ડો. સંજયકુમાર મટ્ટુ દ્વારા સરકાર દ્વારા ચલાવવામાં આવતી ટીબી નિવારણ અને નિયંત્રણ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ટીબીના સંપૂર્ણ ઉન્મૂલન માટે વિવિધ કાર્યક્રમો અને આરોગ્ય સેવાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, જેમાં સમયસર તપાસ, મફત સારવાર અને જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીની ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટ્યુબરક્યુલોસિસ અંગે લોકોમાં સાચી સમજણ વિકસે, વહેલી તકે નિદાન થાય અને સંપૂર્ણ સારવાર દ્વારા રોગને નિયંત્રણમાં લાવવામાં મદદ મળે તે હેતુથી આ સત્રનું આયોજન કરાયું હતું. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વક્તાઓ તથા સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાપીમાં ધૂળેટીના તહેવારમાં નજીવી બાબતે જીવલેણ હુમલો

વાપી, તા.૭

વાપી જીઆઈડીસી ધુળેટી ના પાવન અવસર ઉપર નાની બાબત માં ઝગડા એ એવી તુલ પકડી કે મામલો એટલી હદે ગરમાયો કે ઘાતક હથિયાર થી જીવલેણ હુમલો થયો. રંગોલી તહેવાર ને લઈ બનેલી ઘટના માં મ્યુઝિક વગાડવા ને લઈ ત્રણ વ્યક્તિઓ દ્વારા બે સગા ભાઈઓ ઉપર ઘાતક હથિયાર અને પથ્થર થી હુમલો કરી ઘાયલ કરી દેવામાં આવ્યા. જેને નજીક ની ખાનગી હોસ્પિટલ માં તબીબી સારવાર અર્થે દાખલ કરાયા. પોલીસ ફરિયાદ થતા હમલા કરનાર આરોપી માંથી બે ની ધરપકડ થઈ. એક ફરાર થયો. ચંદન સીંગ નામક યુવક દ્વારા પોલીસ ફરિયાદ માં સત્યમ ગીરી અને પ્રમોદ ગીરી સાથે વાદવિવાદ થઈ હતી. આ ઘટના માં ખૂનસ રાખી સત્યમ ગીરી દ્વારા એના જીજાજી ને બોલાવી રાત્રી ના નવ વાગ્યે રૂપક ગીરી અને રોશન ગીરી ભેગા થઈ ફરિયાદી ની કંપની ઉપર જઈ ચંદન સીંગ ના ઉપર ઘાતક હથિયાર વડે હુમલો કરી અને પથ્થર વડે આંખ ઉપર હુમલો ઘાયલ કરી દેતા ચંદન સીંગ નો બીજો ભાઈ ગુડ્ડુ સિંહ દ્વારા હુમલો કરવા ગયેલા રૂપકગીરી ઉપર પલટ વાર કરી ચાકુ મારી દેતા હમલાવર ઘાયલ થયો. પુરા મામલા માં પોલીસ દ્વારા કમ્પની ઉપર હુમલો કરવા ગયેલા આરોપી માં થી બે ની ધરપકડ થઈ. સત્યમ ગીરી અને રોશન ગીરી ની સામે કાયદેસર ની કાર્યવાહી કરી બાકી એક ફરાર થયેલા રૂપક ગીરી ની પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી. હિન્દૂ ના ધાર્મિક તહેવાર માં ઉત્પાત મચાવી માહોલ ખરાબ કરતા લોકો સામે પોલીસ લાલ આંખ કરે એ જરૂરી બન્યું છે.



# જિલ્લા પંચાયત દ્વારા બારડોલીના ૩૩ ગામોમાં ઘનકચરા વ્યવસ્થાપન પ્રણાલીનો શુભારંભ

## જિલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ મજબૂત બની રહી છેઃ ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર

સુરત, તા.૭

સુરત જિલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય સ્તરે સ્વચ્છતા અને સુવિધામાં વધારો કરવાના ઉમદા હેતુથી બારડોલીના ઈસરોલી ખાતેથી બારડોલીવિધાનસભાના૩૩ ગામોમાં 'ઘન કચરા વ્યવસ્થાપન પ્રણાલી'નો પ્રારંભ અને રૂ.૬.૬૭ કરોડના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ અને ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરાયું હતું.

મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાના લાભોનું વિતરણ અને ઘનકચરા માટેના ઈ-વ્હીકલને લીલી ઝંડી અપાઈ હતી. આર.એન.જી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, તાજપોર કોલેજ, ઈસરોલી ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્રીમતી ભાવિનીબેન પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત એજિલ્લાનાવિકાસનુંકેન્દ્રબિંદુછે. દરેક તાલુકાના છેવાડાના ગામડા સુધી વિવિધ માળખાકીય સુવિધાઓ પહોંચે અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી મળે તે માટે જિલ્લા પંચાયત તથા તમામ વિભાગો સંકલિત રીતે કાર્ય કરી રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, "સ્વચ્છતા ત્યાં દિવ્યતા અને સ્વચ્છતા ત્યાં પ્રભુતા"ના સૂત્રને સાકાર કરવા માટે ગામ, શેરી-મહોલ્લાસ્વચ્છ રહે તે માટે વહીવટી તંત્ર સાથે સમાજનો સહકાર પણ અત્યંત જરૂરી છે. બારડોલીવિધાનસભાના૩૩ ગામોમાં ઘન કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને સુચારૂ વ્યવસ્થાપનથીસ્વચ્છતા પ્રત્યેલોકોજાગૃત્તથશે. તેમણે સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ દરેક પરિવાર સુધી પહોંચે, કોઈ પણ પરિવાર ઘરવિહોણો ન રહે, સૌને આયુષ્માન કાર્ડ દ્વારા આરોગ્યસેવા મળે તેમજ શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન અને આંગણવાડીઓમાં માતા-બાળકોને પૂરતુંપોષણ મળે તે માટે સૌએ સંકલ્પબદ્ધ થવાનોઅનુરોધકર્યોહતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, સુરત જિલ્લાના ગામડે ગામડે જિલ્લા પંચાયત દ્વારા વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જિલ્લામાં કુલ ૨૩૬ પંચાયત ઘરોનું નિર્માણ, ૨૪૨ આંગણવાડી મકાનોનું બાંધકામ, આશરે ૬૮ આરોગ્ય મંદિરો તેમજ ૫૦૦થી વધુ શાળાઓમાં નવા ઓરડાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યોના પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ વધુ મજબૂત બની રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સ્વચ્છતા માટે તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સક્રિય મોનિટરિંગ કરવું જરૂરી છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતાનામંત્રને આત્મસાત કરીને દરેક નાગરિકે સ્વચ્છતા પ્રત્યે જાગૃત બનવું જોઈએ અને જાહેર માર્ગો પર કચરો નાંખવાને બદલે ડસ્ટબિનનો ઉપયોગ કરવાની ટેવ વિકસાવવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, આવા વિકાસકાર્યો અને કલ્યાણકારી પહેલોના પરિણામે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય, સ્વચ્છતા, શિક્ષણ અને અન્ય પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે, જેના કારણે નાગરિકોના જીવનસ્તરમાં ગુણાત્મક વધારો થશે અને ગ્રામ વિકાસને વધુ ગતિ મળશે. આપ્રસંગેજિ.પં.ના કારોબારી સમિતિના અધ્યક્ષ જિતેન્દ્ર પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષ રોશન પટેલ, તા.પં.પ્રમુખ શ્રીમતી જમનાબેન રાઠોડ, અગ્રણી ભાવેશભાઈ પટેલ, જિ. વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, પ્રાયોજના વહીવટદારશ્રી સુનિલ, જિ.ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી.પ્રજાપતિ સહિત જિલ્લા અને તા.પં.ના ચુંટાયેલા સભ્યો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# નકસલ પ્રભાવિત ક્ષેત્રના ૨૫૦થી વધુ યુવાનોની ચેમ્બરની મુલાકાતે

## સુરતના વિકાસ અને સમૃદ્ધિથી યુવાનો થયા પ્રભાવિત



સુરત, તા.૭

સુરત ભારત સરકારના યુવા વિકાસ કાર્યક્રમ અંતર્ગત મધ્યપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢના નકસલ પ્રભાવિત વિસ્તારોમાંથી આવેલા ૨૫૦થી વધુ યુવાનોએ તાજેતરમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. સીઆરપીએફ, સુરત પોલીસ તેમજ કાર્યક્રમ સાથે સંકળાયેલા અધિકારીઓના માર્ગદર્શન અને સહયોગથી આ યુવાનો સુરતની છ દિવસીય અભ્યાસ મુલાકાતે આવ્યા હતા. આ યુવાનોમાંથી ઘણા એવા હતા જેમણે જીવનમાં પહેલી વખત ટ્રેનમાં સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરવાનો અનુભવ કર્યો હતો. મોટાભાગના યુવાનોએ ક્યારેય વિમાનમાં મુસાફરી કરી નથી અને કેટલાક તો પહેલી વખત કારમાં બેઠા હતા. શાળાકીય જીવન દરમિયાન અનેક કિલોમીટર સુધી પગપાળા જઈને તેમણે પોતાનું શિક્ષણ આગળ વધાર્યું છે, તેથી જીવનમાં સુખ સુવિધાઓનો અનુભવ તેમના માટે ખૂબ જ મર્યાદિત રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત દરમિયાન ચેમ્બરની આધુનિક સુવિધાઓ, એક્ઝિબિશન સેન્ટર અને સેમિનાર હોલમાં ઉપલબ્ધ એરકન્ડીશન્ડ વ્યવસ્થાઓ જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. 'એક્ઝિબિશન' જેવી પ્રવૃત્તિ શું હોય છે અને આવા કાર્યક્રમો કેવી રીતે યોજાતા હોય છે તેનો અનુભવ તેમણે પ્રથમ વખત કર્યો હતો. સુરત શહેરની સ્વચ્છતા, સુવ્યવસ્થા અને વિકાસ જોઈને પણ તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. નકસલવાદ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કેટલાક યુવાનોએ જણાવ્યું હતું કે તેમના વડીલોને નકસલવાદનો સીધો અનુભવ રહ્યો છે અને તેઓને પણ થોડાક અંશે તેની યાદ છે. જો કે, હાલ પરિસ્થિતિમાં ઝડપી સુધારો થઈ રહ્યો છે અને હવે તેઓ પણ શિક્ષણ અને મહેનત દ્વારા જીવનમાં આગળ વધીને પ્રગતિ કરી શકશે તેવો આશાવાદ તેમના મનમાં જન્મ્યો છે. સુરતની મુલાકાત અને અહીંના લોકો સાથે થયેલા સંવાદથી યુવાનોના મનમાં જીવન પ્રત્યે નવી આશા અને પ્રેરણાનો સંચાર થયો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેનો શ્રી મનિષ કાપડિયા અને શ્રી પરેશ લાઠિયાના સહકારથી આ યુવાનોને ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લેવાની તક મળી હતી.



# સુરત મોઢ વણિક ટ્રસ્ટ દ્વારા પૂર્ણેશભાઈ મોદીનું સન્માન

સુરત, તા.૭

શ્રી સુરતી મોઢ વણિક સમાજના અગ્રણી નેતા તથા ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી આદરણીય શ્રી પૂર્ણેશભાઈ મોદીની ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ(ડે.સ્પીકર) તરીકે નિયુક્તી બાદ સુરત પધાર્યા ત્યારે શ્રી સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ ટ્રસ્ટ ના પ્રમુખ નટવરભાઈ ભૂતવાળાએ શ્રી પૂર્ણેશભાઈ મોદીને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છા પાઠવી હતી, તેમાં તત્કાલીન પ્રમુખ અતુલભાઈ હલવાવાલા, સેક્રેટરી (મંત્રી) પંકજભાઈ ગાંધી તથા ગીરીશભાઈ મોદી અને અન્ય ટ્રસ્ટી ઈન્દ્રવદનભાઈ સોપારીવાલા, નિતીનભાઈ ઘાએલ, ઈશ્વરભાઈ લાપસીવાલા, હરીશભાઈ પીપવાલા, કાંતિભાઈ ગાંધી, અરૂણ પાનવાલા, તથા આમંત્રિત સભ્યો યોગેશભાઈ ઘીવાલા તથા રાજેશભાઈ આઈસ્ક્રીમવાલા હાજર રહ્યા હતા.

# તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદ્દવહન ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિનું નવું સોપાન

## પાઈપલાઈન મારફતે છેક અમારા અંતરિયાળ ખેતર સુધી પાણી પહોંચશે

સુરત, તા.૭

સુરત જિલ્લાના ઉમરપાડા અને નર્મદા જિલ્લાના દેડીયાપાડા જેવા પહાડી અને અંતરિયાળ વિસ્તારો માટે 'તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદ્વહન સિંચાઈ યોજના' આશીર્વાદ બનીછે.આ યોજનાનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે થવા જઈ રહ્યું છે, ત્યારેઆયોજનામાત્ર ખેતરો સુધી પાણી પહોંચાડવાનું માધ્યમ જનહીં, પરંતુ આદિવાસી પટ્ટાના ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખોલનારી સાબિત થશે.ઉમરપાડા તાલુકાના ચારણી ગામના ૫૯ વર્ષીયખેડૂત ઉત્તમભાઈ વસાવા જણાવે છે કે, અમારોતાલુકોવિસ્તાર ડુંગરાળ અને ઉચાણવાળો હોવાથી અત્યાર સુધી વરસાદનું પાણી વ્યર્થવહી જતું હતું, જેના કારણે તેઓ માત્ર ચોમાસાનો એક જ પાક લઈ શકતા હતા. પરંતુ રાજ્ય સરકારના પ્રતાપે સાકાર થયેલી આયોજના દ્વારા હવે પાઈપલાઈન મારફતે છેક અમારાઅંતરિયાળખેતર સુધી પાણી પહોંચશે, જેનાથી બારેમાસ ખેતી કરીશકીશું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હવે ખેડૂતો વર્ષ દરમિયાન ત્રણ-ત્રણ પાક અને રોકડિયા પાકો લઈ શકશે. દૂધાળા પશુઓ માટે ત્રણેય સિઝનમાં પૂરતો ઘાસચારો મળી રહેશે. ખેતીમાં સમૃદ્ધિ આવવાથી ખેડૂત પરિવારો આર્થિક રીતે સક્ષમ બનશે અને તેમના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી શકશે. તાપી-કરજણ લિંક પાઈપલાઈન દ્વારા પહાડી વિસ્તારમાં ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવું એ સરકારની અદભૂત ઈજનેરી સિદ્ધિ છે એમ જણાવી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ઘરેલુ ગેસ સિલીન્ડરમાં રૂ. ૬૦,
પહેલા પાનાનું ચાલુ

થયો છે જે હવે રૂા.૧૮૮૩માં મળશે.સરકારે ઓઈલ કંપનીઓને રાંધણગેસની અછત ન સર્જાય તે જોવા ખાસ જણાવ્યું છે પણ આજના ભાવ વધારાથી ઘરના રસોડાનું બજેટ બગડવાનું શરૂ થયું છે. આ ભાવવધારાથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને બાકાત રખાયા છે.હાલમાં જ કતાર પર ઈરાનના હુમલાના કારણે આ દેશનું અને વિશ્વનું સૌથી મોટું ગેસ ઉત્પાદન એકમ બંધ કરી દેવાયુ છે. જે આગામી ૩થી૪ માસ સુધી ચાલુ થાય તેવી ધારણા નથી.સામાન્ય રીતે કોમર્શિયલ ગેસના ભાવ જે ૧૯ કિલોના સિલીન્ડરમાં આવે છે તેમાં દર મહિનાની ૧ તારીખે વધઘટ થાય છે જે હવે પ્રથમ સપ્તાહમાં જ કરાયા છે. જેના ભાવવધારાથી હોટેલ, રેસ્ટોરા વિ.ના ખાદ્ય ભાવો વધશે.

### મધ્ય-પૂર્વે યુદ્ધને પગલે
પહેલા પાનાનું ચાલુ

ખાસ કરીને ભારતની આયાતમાં હાલ વોર-ઝોન બનેલા મધ્યપુર્વનો ફાળો ૪૬% છે. જયાંથી લગભગ સપ્લાય ઠપ્પ થશે અને જો આ યુદ્ધ લાંબુ ચાલે (અને તેની શકયતા વધુ છે) તો ભારતમાં અત્યાર સુધી જે રાહત- નીચા ફુગાવા- વધતા વૃદ્ધિદરની સ્થિતિ બની હતી તે રીવર્સ ગીયરમાં જશે અને તેથી ફુગાવો વધવાનું જે જોખમ છે તે મોંઘવારીનો નવો અને આક્રમક રાઉન્ડ લાવશે.

હોર્મુઝના જળમાર્ગ ફકત ભારતની આયાત નહી નિકાસ માટે મહત્વના છે. ગલ્ફના દેશોમાં ભારત ચોખાની, ફળો, શાકભાજી, સી-ફુડ તથા અન્ય મોટી નિકાસ કરે છે તેને પણ અસર થશે. નિકાસ ઘટવાથી આયાત વધવાથી રૂપિયો ગગડશે. પેટ્રોલિયમ ભાવો વધવાથી ટ્રાન્સપોર્ટેશન ઉત્પાદન તમામ ખર્ચ વધશે જે એકંદરે ભાવવધારો લાવશે.

### ઈરાન પર સૌથી મોટો હુમલો
પહેલા પાનાનું ચાલુ

અમેરિકા અને ઈઝરાયેલના ઈરાન પરના હુમલા બાદ ઈરાની સેનાની અમેરિકી ઠેકાણાઓ શોધવાની ક્ષમતા નબળી પડી ગઈ છે. ત્યારબાદ તે રશિયાની મદદ લઈ રહ્યું છે.

બીજી તરફ મોસ્કોએ પણ કહ્યું છે કે ઈરાન અને રશિયાના અધિકારીઓ સંપર્કમાં છે, જોકે રશિયા તેહરાનને ગુપ્તચર કે સૈન્ય મદદ આપી રહ્યું છે કે કેમ તે અંગે કંઈ કહેવામાં આવ્યું નથી.

### યુદ્ધ જહાજ લીંકન પર
પહેલા પાનાનું ચાલુ

સાઉદી અરેબીયાના શાયબા તેલ રિફાઈનરી પણ નિશાન બન્યા છે. સાઉદી અરેબીયાએ દાવો કર્યો છે કે તેણે અનેક ઈરાની ડ્રોનને તોડી પાડયા છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે અમેરિકન વિમાની વાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન પર પણ ડ્રોન હુમલો કર્યો હોવાનું અને આ યુદ્ધ જહાજને ભારે નુકશાન કર્યુ હોવાનું ઈરાને જણાવ્યું છે તો ઉતરી ઈઝરાયેલ પણ તેના ટાર્ગેટમાં આવ્યુ છે.

### નેપાળ ચૂંટણીમાં રાષ્ટ્રીય
પહેલા પાનાનું ચાલુ

બાકીની ૧૧૦ બેઠકો પક્ષોને મળેલા કુલ મત ટકાવારીના આધારે મળે છે. આમાં મતદાર કોઈ ઉમેદવારને નહીં, પરંતુ કોઈ પક્ષને મત આપે છે. સમગ્ર દેશમાં પક્ષને જેટલા ટકા મત મળે છે, તે હિસાબે તેમને સંસદમાં બેઠકો મળે છે. આ સિસ્ટમનો હેતુ એ છે કે નાના પક્ષો અને અલગ-અલગ સામાજિક જૂથોને પણ સંસદમાં સ્થાન મળી શકે અને કોઈ એક પક્ષ સંપૂર્ણપણે પ્રભાવી ન બને.

### શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ
પહેલા પાનાનું ચાલુ

પોતાની અભિવ્યક્તિઓથી તેઓ જણાવી રહ્યા છે કે અમે કઈ બાજુ છીએ. જે હિંમતવાળા લોકો છે, તે બોલશે કે હું ગાયના પક્ષમાં નથી. જે અંદરથી કાલનેમિ છે, તે કંઈ નહી બોલે.

આ પહેલા શુક્રવારે શંકરાચાર્યે કહ્યું હતું- CM યોગી પાસે ૫ દિવસનો સમય બાકી છે. તેઓ ગૌ માતાને રાષ્ટ્રમાતા જાહેર કરી દે. હજુ સુધી તેમની તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. તેમની જ પાર્ટીના અન્ય લોકો સમર્થન કરી રહ્યા છે, પરંતુ કોઈ ખુલીને સામે આવી રહ્યું નથી.

### પાક.માં પેટ્રોલના ભાવમાં
પહેલા પાનાનું ચાલુ

દેશની તમામ ઓઈલ રિફાઈનરી કંપનીઓને એલપીજી ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો હતો.

મિડલ ઈસ્ટમાં વધતા તણાવથી ગેસનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે. આ ખતરાને ધ્યાનમાં રાખીને સરકારે આ આદેશ જાહેર કર્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે હવે રિફાઈનરીઓ પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ ફક્ત રસોઈ ગેસ બનાવવા માટે કરશે.બધી કંપનીઓએ પ્રોપેન અને બ્યુટેનની સપ્લાય સરકારી તેલ કંપનીઓને કરવી પડશે. સરકારી તેલ કંપનીઓમાં ઈન્ડિયન ઓઈલ (IOC), હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) અને ભારત પેટ્રોલિયમ (BPCL) નો સમાવેશ થાય છે. તેનો હેતુ ગ્રાહકોને અવિરત ગેસ સિલિન્ડરનો પુરવઠો પૂરો પાડવાનો છે.

### સોમવારથી સંસદના
પહેલા પાનાનું ચાલુ

છે, તેથી પ્રસ્તાવ પસાર થવો મુશ્કેલ છે. પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન સ્પીકર પોતે ગૃહની અધ્યક્ષતા નહીં કરે, પરંતુ તેમને પોતાનો પક્ષ રજૂ કરવાનો અને મતદાન કરવાનો અધિકાર હશે.

મીડિયા સૂત્રો અનુસાર, સરકાર રાહુલ વિરુદ્ધ સદનમાં તેમના ભાષણ વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ લાવશે નહીં. તેમની વિરુદ્ધ પણ પ્રસ્તાવ આવવો જોઈએ. જોકે, ભાજપ તેમના (રાહુલ) ભાષણમાંથી વાંધાજનક ભાગો હટાવવા માટે હજુ પણ અડગ છે, કારણ કે તેમણે અત્યાર સુધી તેમના આરોપો અંગે કોઈ પુરાવા રજૂ કર્યા નથી.

### કચરા કૌભાંડમાં
પેજ-૨ પાનાનું ચાલુ

સદર ઈજારદાર પાસે બાકી રકમ વેરા, પેનલ્ટી અને દંડની જોગવાઈઓ મુજબ જ રકમની વસુલાત કરવાની કામગીરી કરવામાં આવે જેથી સામાન્ય પ્રજાજનોને ખોળ અને માનીતા બિલ્ડરોને ગોળ વાળી નીતિને વધુ આગળ વધતી અટકાવી શકાય. ઉપરાંત મીડિયેટર દ્વારા સૂચવેલા અભિપ્રાયોને પાલિકાના હિતમાં ના હોય અભરાઈ ચડાવીને આ ઈજારદાર સામે દાખલારૂપ કાર્યવાહી કરીને ભવિષ્યમાં સુરત મનપાની અબજો રૂપિયાની જમીનો લીઝથી મફતના ભાવે મેળવીને તેમાં ડેવલપમેન્ટ ન કરીને તેમજ નિયમોનુસાર ચુકવણીઓ પણ ન કરીને મીડિયેટરો રોકીને થતા કાવા દાવાને રોકી શકાય.

### સમતા સેવા
પેજ-૨ પાનાનું ચાલુ

સામાજીક, ધામિક, શૈક્ષણિક ક્ષેત્ર નામના મેળવનાર મહીલાઓ નું જાહેર સન્માન કાર્યક્રમ, તેમજ કાનુની જાગૃતિ શીબીર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ તારીખ ૮/૩/૨૦૨૬ રવિવારે સમય ૧ કલાકે ભારત રત્ન ડો બાબાસાહેબ આંબેડકર ભવન માનદરવાજા,સુરત ખાતે યોજાનાર હોવાથી સમયનુસાર ઉપસ્થિત રહેવા સમતા સેવા ફેડરેશન ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ, આયોજક સામાજીક કાર્યકર આશાતાઈ મંગલે,ઉપાધ્યક્ષ સુભાષ ભાઈ ઝાડે, મહાસચિવ દિલીપ કે સીરસાઠ એ ઉપસ્થિત રહેવા અપીલ કરેલ છે,

### ટેરેસ ગાર્ડનિંગ
પેજ-૨ પાનાનું ચાલુ

ફેરફારોને ધ્યાનમાં રાખીને ઘરઆંગણે કિચન ગાર્ડન વિકસાવવું અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે. તેમણે ઘરને હરિયાળી બનાવી સ્વસ્થ રહેવાની બાબત પર પ્રકાશ પાડયો હતો.

મુખ્ય વકતા તરીકે શ્રીમતી ભકિતબેન પંચાલ (સાયન્ટિસ્ટ–હોર્ટિકલ્ચર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરત) દ્વારા કિચન ગાર્ડન સંદર્ભે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ટેરેસ પર ઓછા ખર્ચે અને ઓછી જગ્યામાં વિવિધ શાકભાજી, ફળો તથા ઔષધીય છોડ કેવી રીતે ઉગાડી શકાય તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ સમજાવી હતી. સાથે જ ઓર્ગેનિક ખાતર, પાણી વ્યવસ્થાપન, મોસમી પાકોની પસંદગી અને રોગ નિયંત્રણ અંગે ઉપયોગી જાણકારી આપી હતી. સુરત મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલાએ જણાવ્યું હતું કે, ટેરેસ ગાર્ડનિંગ દ્વારા શહેરોમાં સીમિત જગ્યાનો સદુપયોગ કરી હરિયાળી વધારી શકાય છે તેમજ ઘરમાં તાજું અને સ્વસ્થ શાકભાજી મેળવવું શકય બને છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરતના ડેપ્યુટી ડિરેકટર શ્રી જનકસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, યોગ્ય માર્ગદર્શન અને ઓર્ગેનિક પદ્ધતિઓ અપનાવીને ટેરેસ પર ઓછા ખર્ચે વિવિધ શાકભાજી અને ઔષધીય છોડ સફળતાપૂર્વક ઉગાડી શકાય છે.

ચેમ્બરની લેડીઝ વિંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ આભાર વિધિ રજૂ કરી હતી. તેમણે કાર્યક્રમના સફળ આયોજન માટે તમામ સહયોગી સંસ્થાઓ, મહાનુભાવો અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. ચેમ્બરની લેડીઝ વિંગના સભ્ય શ્રીમતી પ્રજ્ઞાબેન કડાકિયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડ્રી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયા અને લેડીઝ વિંગની મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ઉપસ્થિત બહેનો અને નાગરિકો માટે ખૂબ જ માહિતીસભર અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. ટેરેસ ગાર્ડનિંગ અને કિચન ગાર્ડનિંગ દ્વારા સ્વચ્છ, તાજું અને ઝેરમુક્ત ખોરાક મેળવવાની દિશામાં લોકોને પ્રોત્સાહન મળ્યું હતું.

### સુરત મહાનગર
પેજ-૨ પાનાનું ચાલુ

મહિલાઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર અને ભારત સરકાર દ્વારા સ્ત્રી સશકિતકરણની વિવિધ યોજનાઓના અમલીકરણ થકી મહિલાઓને આત્મનિર્ભર બનીને સમાજમાં વધુ સક્રિય રીતે જોડાવવા તથા આજના સમયમાં મહિલાઓ શિક્ષણ, વિજ્ઞાન, સાહિત્ય, રમતગમત વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા સાબિત કરીને સમાજને નવીન દિશા પુરી પાડી રહી છે. એમ જણાવ્યું હતું. આ પ્રસંગે મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, મહિલા પત્રકારશ્રીઓ, વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ મહિલાઓ, સુરત મહાનગરપાલિકાના સફાઈ મહિલા કર્મચારીઓનું ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે સાડીથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં માન. મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, શાસક પક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષ દંડકશ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અઘ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ, વિવિધ સમિતિના અઘ્યક્ષાશ્રીઓ, ઉપાઘ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ અને શહેરના નગરજનોએ ઉપસ્થિત રહી સન્માનિત સન્નારીઓનો ઉત્સાહ વધારી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**નામે બદલેલ છે**

મારું જુનુ નામ **દેસાઇ જીગ્નેશકુમાર મનોજકુમાર** હતું. જે બદલીને નવું નામ **દેસાઇ જીગ્નેશ મનોજભાઇ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી

સહી : **દેસાઇ જીગ્નેશ મનોજભાઇ**

સરનામું : c/2, 1203, ગ્રીન સીટી, ભાથા, સુરત-394510

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ રઝવાનાબાનુ ઈમરાનઅલી સૈયદ હતું જે બદલીને નવુ નામ રીઝવાનાબી ઈમરાનઅલી સૈયદ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સહી/- રીઝવાનાબી ઈમરાનઅલી સૈયદ

સરનામું : એચ નં.૧, ઓલ્ડ ડેપો, બી/એચ પાવર હાઉસ, રિંગરોડ, ઉમરવાડા- સુરત-૩૯૫૦૦૨

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૦૭ માર્ચ ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

### ઉધના સિટીઝન કોલેજની બંને વિદ્યાર્થીઓનો એકા એક ગુમ થયા બાદ

# સણીયા સ્વામીનારાયણ મંદિરમાંથી બે યુવતીઓના મૃતદેહો મળ્યાં

### મોબાઈલ લોકેશનના આધારે મંદિરના પાર્કિંગમાંથી ગુમ છોકરીનું સ્કૂટી મળી આવતા તપાસમાં બંનેના મૃતદેહો એક બાથરૂમમાંથી મળ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરતના સણીયા કણદે રોડ પર આવેલા આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરના પરિસરમાંથી બે યુવાન વિદ્યાર્થિનીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની વિગતો મુજબ, ઉધના વિસ્તારમાં આવેલી સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જોસના અતુલ ચૌધરી દરરોજની જેમ સવારે ઘરેથી કોલેજ જવા માટે નીકળી હતી. જોકે, સાંજ સુધી આ બંને યુવતીઓ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. પરિવાર દ્વારા તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ લાંબા સમય સુધી વારંવાર ફોન કરવા છતાં કોઈએ ફોન ઉપાડ્યો નહોતો, જેને કારણે આશંકા વધી હતી અને પરિવારે તેમની શોધખોળ શરૂ કરી હતી.

પરિવારજનો અને સંબંધીઓ દ્વારા કરવામાં આવેલી શોધખોળના અંતે, સણીયા કણદે રોડ પર સ્થિત સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બંને વિદ્યાર્થિનીઓ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે બંનેના મૃત્યુ નીપજ્યા છે, જેના પગલે મંદિર પરિસરમાં અને આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા ડીંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસે પ્રાથમિક તપાસ બાદ બંને યુવતીઓના મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે. પોલીસ તપાસમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે કોલેજ ગયેલી આ વિદ્યાર્થિનીઓ મંદિર સુધી કેવી રીતે પહોંચી અને તેમના મોતના કારણો શું છે. આ આત્મહત્યાનો બનાવ છે કે અન્ય કોઈ અઘટિત ઘટના, તે દિશામાં પોલીસ દ્વારા મંદિરના સીસીટીવી ફૂટેજ અને યુવતીઓના મોબાઈલ લોકેશનની તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં આ રહસ્યમય મોતે પરિવારજનોને આઘાતમાં સરી પાડ્યા છે અને સમગ્ર પંથકમાં ભય અને આશ્ચર્યનો માહોલ જોવા મળી રહ્યો છે.





### ChatGPT પર સર્ચ કર્યું 'How to commit suicide'

ડીંડોલી વિસ્તારમાં બનેલી વિદ્યાર્થિનીઓની આત્મહત્યાની ઘટનામાં પોલીસ તપાસ દરમિયાન એક અત્યંત ચિંતાજનક વિગત સામે આવી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, આત્મહત્યા કરતા પહેલા આ વિદ્યાર્થિનીઓએ તેમના મોબાઈલમાં ChatGPT જેવા AI પ્લેટફોર્મ પર 'How to commit suicide' (આત્મહત્યા કઈ રીતે કરવી) સર્ચ કરીને રીતો વિશેની જાણકારી મેળવી હતી. આ ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ મળતા જ પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે.ઘટનાસ્થળેથી પોલીસને કેટલીક ઈન્જેક્શનની સિરીંજ પણ મળી આવી છે, જે આ કેસમાં કોઈ ખાસ પદ્ધતિનો ઉપયોગ થયો હોવાના સંકેત આપે છે. ડીંડોલી પોલીસે બંનેના મોબાઈલ ફોન કબજે કરીને તેને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે. પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ અભ્યાસનું ભારણ કે અન્ય કોઈ માનસિક તણાવ જવાબદાર હોવાની શંકા સેવાઈ રહી છે. હાલમાં પોલીસ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે કે આખરે કયા સંજોગોમાં આ તેજસ્વી વિદ્યાર્થીનીઓને આવો આત્મઘાતી નિર્ણય લેવાની ફરજ પડી.

## બાથરૂમમાં મૃતદેહો પાસેથી ઈન્જેક્શન, દવાની બોટલો મળી

### બંને યુવતીના રહસ્યમય મોતની તપાસ માટે પોલીસે એફએસએલની મદદ લીધી

પોલીસ તપાસ દરમિયાન આજે બંને યુવતીઓનું છેલ્લું લોકેશન સણીયા ગામ પાસે મળી આવ્યું હતું. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા સણીયા ગામના સ્વામિનારાયણ મંદિરના પરિસરમાંથી યુવતીઓની સ્કૂટી મળી આવી હતી. ત્યારબાદ પોલીસે મંદિરના CCTV ફૂટેજ ચેક કરતા બંને યુવતીઓ જાતે જ મંદિરના બાથરૂમ તરફ જતી હોવાનું અને અંદરથી દરવાજો બંધ કરતી હોવાનું કેમેરામાં કેદ થયું હતું. શંકા જતાં પોલીસે બાથરૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

બાથરૂમનો દરવાજો તોડતા જ અંદરનું દૃશ્ય જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. રોશની અને જ્યોત્સના બંને ત્યાં મૃત હાલતમાં મળી આવી હતી. તપાસ દરમિયાન મૃતદેહોની પાસેથી ઈન્જેક્શન અને દવાની ત્રણ બોટલો પણ મળી આવી છે, જે શંકા જન્માવે છે કે યુવતીઓએ કોઈ ઝેરી દવા અથવા ઓવરડોઝના કારણે આત્મઘાતી પગલું ભર્યું હોઈ શકે છે. જોકે, આ મોત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

ડીંડોલી પોલીસે આ મામલે એ.ડી (અકસ્માત મોત) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બંને યુવતીઓએ કયા અગમ્ય કારણોસર આ અંતિમ પગલું ભર્યું અથવા તેમની સાથે શું બન્યું હતું તે જાણવા માટે મૃતદેહોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે. ઈન્જેક્શનમાં કઈ દવા હતી અને તેનાથી મોત નીપજ્યું છે કે કેમ તે દિશામાં એફએસએલ (FSL)ની મદદ લેવામાં આવી રહી છે.

## છૂટાછેડા મુદ્દે પત્નીના મિત્ર દ્વારા પતિ પર ચપ્પુથી હુમલો

### તુ મમતા કો ક્યુ ડિવોર્સ નહીં દેતા તેમ કહી હુમલો કરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

લિંબાયતમાં પતિ પત્ની વચ્ચે ડિવોર્સ લેવા બાબતે સામસામે બોલાચાલી થતા પત્નીના મિત્રએ પતિને તું મમતા કો ક્યુ ડિવોર્સ નહીં દેતા તેમ કહી ગાળો આપી ઢીક મુક્કીનો માર મારી ચપ્પુથી હુમલો કરી દીધો હતો. આ મામલે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ભોગબનનારે ફરીયાદ નોંધાવી હતી.

લિંબાયત પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર લિંબાયત આસપાસનગર વિભાગ ૧ ગલી નં.૧ પ્લોટ નં.૨૨૪માં રહેતા અમોલ શંભાજી પાટીલ ઉ.વ.૩૩ માર્કેટમાં મજુરી કામ કરે છે. દરમિયાન ગઈ તા.૪ માર્ચના રોજ તેની પત્ની મમતા ઉર્ફે કાજલ સાથે ડિવોર્સ લેવા બાબતે બોલાચાલી થતા વાત વણસી હતી. દરમિયાન પત્ની મમતાના મિત્ર સતિલાલ ઉર્ફે બુમલાએ અમોલ પાટીલને તુ મમતાને કેમ ડિવોર્સ આપતો નથી તેમ કહી ચપ્પુથી હુમલો કરી દીધો હતો. ડાબા પગના ભાગે ચપ્પુ મારી માથામાં પણ ચપ્પુ મારવામાં આવતા અમોલ પાટીલને ગંભીર ઈજા પહોંચી હતી. આ મામલે લિંબાયત પોલીસ સ્ટેશનમાં સતિલાલ ઉર્ફે બુમલા સામે ગુનો નોંધાવાયો હતો.

## હિરાના ધંધાની ખોટ સરભર કરવા માટે ક્રિકેટ સટ્ટો શરૂ કરનાર શાહબંધુ ઝબ્બે

### સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસે પાલના વિમલનાથ ન્યુ એપાર્ટમેન્ટમાં છાપો મારતા ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા ધવલ શાહ અને મનીષ શાહ રંગે હાથ ઝડપાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

આવતીકાલે રવિવારે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટી-૨૦ ફાઈનલ વર્લ્ડ કપ મેચનો રોમાંચ ક્રિકેટ પ્રેમીઓમાં છવાયેલો છે. દરમિયાન ક્રિકેટ પર ખેલાતા સટ્ટાબજાર પર વોચ રાખનાર સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસે પાલ ખાતે દરોડા પાડીને દુબઈ અને મુંબઈના ત્રણ મુખ્ય બુકીઓ વડે ક્રિકેટ પર સટ્ટો રમાડતા હિરાનો વેપાર કરતા શાહબંધુઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસને બાતમી મળી હતી કે પાલ સ્થિત વિમલનાથ વ્યૂ એપાર્ટમેન્ટમાં ક્રિકેટ સટ્ટાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે. તો પોલીસે ફ્લેટ નંબર સી-૩૦૩માં દરોડો પાડયો હતો. તપાસ દરમિયાન બેડરૂમમાં બે ઈસમ નાના સ્ટડી ટેબલ પર ૧૮ જેટલા મોબાઈલ ફોન અને લેપટોપ સાથે લાઈવ મેચ પર રન, ઓવર અને હાર-જીતના સોદા કરતા રંગેહાથ પકડાઈ ગયા હતા. ઝડપાયેલા આરોપી ધવલ અરવીંદભાઈ શાહ (ઉં.વ. ૪૯, રહે.વિમલનાથ વ્યૂ એપાર્ટમેન્ટ, એલ.પી. સવાણી રોડ, પાલ) અને મનીષભાઈ અરવીંદભાઈ શાહ (ઉં.વ. ૪૫, રહે. ૧૦૨, શ્રીપાલ રેસીડન્સી, એલ.પી. સવાણી રોડ, શ્યામલ બંગ્લોઝ પાસે, પાલ) હોવાની ઓળખ થઈ હતી.

પોલીસ પુછપરછમાં ચોંકાવનારી વિગત બહાર આવી છે કે આ બંને ભાઈ અગાઉ હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. જોકે, ધંધામાં મોટી ખોટ જતાં દેવું ભરવા અને ટૂંકા સમયમાં વધુ નાણાં કમાવાની લાલચે તેઓ સટ્ટાના રવાડે ચઢ્યા હતા. તેઓ dollar365.com, DMS અને GYM જેવી એપ્લિકેશન અને લિંક દ્વારા ગ્રાહકોને સટ્ટો રમાડતા હતા. પોલીસે સ્થળ પરથી ૧૮ નંગ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૮૧,૦૦૦), રાઉટર, ચાર્જર અને અન્ય સાહિત્ય મળી કુલ રૂ. ૮૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ dollar365.com સહિતની સાઈટો માટેની આઈડી મુંબઈના 'મિત્તલ' નામના વ્યક્તિ પાસેથી મેળવી હોવાનું જણાવ્યું હતું. તેમજ DMS એપ્લિકેશન 'સુરતના જલીયાન' અને GYM એપ્લિકેશન દુબઈના વિનાયક' નામના વ્યક્તિ મારફતે મેળવેલી હોવાનું પણ સામે આવ્યું છે. આ ત્રણેય વ્યક્તિને પોલીસએ વોન્ટેડ જાહેર કર્યા છે.

## ઉત્તર દિશાથી પવન ફૂંકાતા તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો

### મોડી રાત્રે, વહેલી સવારે ઠંડક અને બપોરે આકરો તાપ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

હોળી ધુળેટીનો તહેવાર પુરો થતા તાપમાનનો પારો ઉંચે જવાની શરૂઆત થઈ ગઈ છે. દરમિયાન ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન ૩૬.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. મહત્તમ તાપમાન વધવા સાથે શહેરમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ઉનાળો બેસી ગયો હોય બપોરે ૧૨ થી ૪ દરમિયાન ગરમીનો શહેરીજનો સામનો કરી રહયો છે ત્યારે ઘરો અને ઓફીસોમાં એરકન્ડીશન અને કુલરો ધમધમતા થઈ ગયા છે. દર સિઝનમાં સુરતમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને આંબી જતુ હોય છે ત્યારે એપ્રિલ અને મે મહિનામાં કાળઝાળ ગરમીનો શહેરીજનોએ સામનો કરવો પડશે.



સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત પ્રમાણે આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ઘટ્યું હતું. સવારના સમયે લઘુત્તમ તાપમાન ૧૯.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૯૪ ટકા રહેતા બફારો પણ અનુભવાયો હતો. હોળી ધુળેટીના તહેવાર બાદ ઉનાળો બેસી જતો હોય સુરત શહેરમાં ગરમીનું પ્રમાણ ધીમે ધીમે વધી રહયુ છે.

## પિતાના મિત્રની હત્યા કરનાર આરોપીને આજીવન સખત કેદ

### લિંબાયતમાં જમવાનું બનાવવા જેવી સામાન્ય બાબતમાં ચેતન ઉર્ફે ચેતલા ગુપ્તાએ હથોડી મારી હત્યા કરી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરતના લિંબાયત વિસ્તારમાં વર્ષ ૨૦૨૩માં જમવાનું બનાવવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં પોતાના પિતાના મિત્રની હથોડી મારી હત્યા કરનાર આરોપી ચેતન ઉર્ફે ચેતલા મુલચંદ ગુપ્તાને અદાલતે આજીવન કેદની સખત સજા અને રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

મરણજનાર શબ્બીર ઉર્ફે પપ્પુ ખાન આરોપી ચેતનના પિતા મુલચંદ ગુપ્તાના મિત્ર હતા અને મુલચંદ ગુપ્તાના ઘરે જ રહેતા હતા. શબ્બીર ઘરકામમાં મદદ ન કરતા હોવાથી આરોપી ચેતન તેનાથી નારાજ હતો. ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સાંજે આરોપી ચેતનએ શબ્બીરને જમવાનું બનાવવા કહ્યું હતું, પરંતુ તેણે ના પાડતા બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. ઉશ્કેરાયેલા ચેતને શબ્બીરને ધક્કો મારી નીચે પાડી દીધો હતો અને ઘરમાં રહેલી લોખંડની હથોડી વડે માથામાં અને કાનના ભાગે ઘાતક પ્રહાર કર્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા શબ્બીરને સારવાર માટે ખસેડાયા હતા. આશ્ચર્યજનક રીતે, તેઓ ૮ ફેબ્રુઆરી સુધી ભાનમાં હોવા છતાં, હુમલો કરનાર પોતાના મિત્રનો દીકરો હોવાથી તેમણે ફરિયાદ કરી નહોતી. જોકે, સારવાર દરમિયાન તેનું અવસાન થતા લિંબાયત પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાયો હતો.

સરકારી વકીલ વિશાલ ફળદૂની દલીલો અને તબીબી પુરાવાઓને ગ્રાહ્ય રાખી સેસન્સ કોર્ટે નોંધ્યું કે આરોપીએ જીવલેણ હથિયારથી ગંભીર ઈજા પહોંચાડી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ આરોપી ચેતન ગુપ્તાને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

## પાંડેસરામાં ગેસ ગુંગળામણ દુર્ઘટનામાં ચોથા કારીગરની હાલત અત્યંત ગંભીર

અત્યારસુધીમાં કુલ ત્રણ મોત થયા હોવાનું જાણવા મળ્યું છે.

### ન્યુ પારસ મીલમાં સર્જાયેલી દુર્ઘટના અંગે પોલીસ તપાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

પાંડેસરા જીઆઈડીસીમાં આવેલી પાસર ડાઈંગ મીલમાં કેમિકલની ટાંકી સાફ કરતી વેળા ગુંગળામણ થતા ચાર શ્રમિકોની હાલત બગડી હતી તમામને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. જેમાં ગઈકાલે સાંજ સુધીમાં ત્રણ શ્રમિકોના મોત નિપજ્યાં હતા જ્યારે મહેન્દ્ર મેસર પાસવાન હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગત અનુસાર પાંડેસરા જીઆઈડીસીમાં ન્યુ પારસ ડાઈંગ મીલમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગત ગુરૂવારે મીલની કેમીકલની ટાંકી સાફ કરવા માટે મુળ બિહારના રોહતાસ જિલ્લાના વતની અને હાલ પાંડેસરા વડોદ ખાતે રહેતા સોનકુમાર ઉર્ફે ધનજય કમલેશ પાસવાન, દિનુકુમાર ઉર્ફે અંકીત રવિન્દ્ર પાસવાન, મહેન્દ્ર મેસર પાસવાન અને સંદીપ સંતોષ પાસવાનને ગુરૂવારે રાત્રે બોલાવ્યા હતા. ટાંકી સાફ કરતા સમયે ગુંગળામણ થતા ચારેય જણા બેભાન થઈ ગયા હતા તેમને સારવાર માટે ડિંડોલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં સોનુકુમારનું મોત નિપજ્યું હતું. ત્યારબાદ શુક્રવારે સવારે દિનુકુમારનું મોત નિપજ્યું હતું. મહેન્દ્ર મેસર પાસવાનની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર સંદીપ પાસવાન પણ મોતને ભેટ્યો છે. આ બનાવમાં અત્યારસુધીમાં કુલ ત્રણ મોત થયા હોવાનું જાણવા મળ્યું છે.

### જનક ભાલાળાને ધમકી આપવા મુદ્દે

## પોલીસ કોન્સ્ટેબલ ભરત ઉર્ફે બીગ સામે ગુનો નોંધવા હુકમ

### ઉત્રાણ પોલીસની કામગીરી પર શંકા વ્યક્ત કરતી અદાલત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ ભરત ઉર્ફે બીગ બી વિરુદ્ધ ગુનો નોંધવાનો કોર્ટે હુકમ કર્યો હોવાનું તેમના વકીલ આર.બી.મેંદપરાએ જણાવ્યું હતું.

ફરિયાદી જનક ભાલાળાને કોસ્ટેબલે ફોન પર ધમકી આપી હતી કે, "મેં માર્કેટ વિભાગનો વહીવટ લીધો છે, જો ACBની રેડ કરાવી તો જાનથી મારી નાખીશ."

આ મામલે ઉત્રાણ પોલીસ દ્વારા FIR ન નોંધાતા જનક ભાલાળાએ એડવોકેટ આર.બી. મેંદપરા અને અશ્વિન રાખોલીયા મારફતે કોર્ટમાં ૧૫૬(૩) મુજબ અરજી કરી હતી. કોર્ટે ઉત્રાણ પી.આઈ.ની કામગીરી સામે ગંભીર શંકા વ્યક્ત કરતા જણાવ્યું કે, તેમણે કોર્ટની ભૂમિકામાં હાવી થઈને તપાસ કરી હતી. અંતે, કોર્ટે આરોપી પોલીસકર્મી વિરુદ્ધ તટસ્થ તપાસ કરી FIR નોંધવાનો આદેશ આપ્યો હતો. સલાબતપુરાના પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ ગુનો નોંધવા અદાલતે ઉત્રાણ પોલીસને હુકમ કરતા સુરત પોલીસ બેડામાં જોરદાર ચર્ચા જાગી છે.

**ફોર્મ નંબર યુઆરસી-2**

**અધિનિયમના પ્રકરણ 21 ના ભાગ 1 હેઠળ નોંધણી અંગેની સૂચના આપતી જાહેરાત [કંપની અધિનિયમ, 2013ની કલમ 374(બી) અને કંપનીઝ (નોંધણી માટે અધિકૃત) નિયમો, 2014ના નિયમ 4(1)ને અનુસરીને]**

1 આથી સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, 2013 ની કલમ 366 ની પેટા-કલમ (2) ના અનુસંધાનમાં, અમદાવાદ, ગુજરાત ખાતેના રજિસ્ટ્રારને અરજી કરવામાં આવી છે કે ૬, ૭ અને ૮, સેક્ટર-૫, આઈએમટી, માનેસર, ગુરુગ્રામ, હરિયાણા-૧૨૨૦૫૦ મુજબ, FABTECH ENGINEERS નામની ભાગીદારી પેઢી, કંપની અધિનિયમ ૨૦૧૩ ના પ્રકરણ 21 ના ભાગ1 હેઠળ, FABTECH INDUSTRIAL SOLUTIONS PRIVATE LIMITED તરીકે શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરાવી શકાય છે.

2 કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

ઘરેલુ, ઔદ્યોગિક અને વાણિજ્યિક ઉપયોગ માટે હાથથી ચાલતા સાધનો, ઓજારો, કટલરી, રેઝર અને સંબંધિત ઉત્પાદનોના ઉત્પાદન, આયાત, નિકાસ, ખરીદી, વેચાણ અને વેપારનો વ્યવસાય કરવો.

3 પ્રસ્તાવિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને એસોસિએશનના લેખોની નકલ ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં. ૩૦૧, દેવમ ઈકો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૨, મરોલી, ઉભારટ રોડ, મરોલી ક્રોસ રોડ પાસે, મહુવર, જલાલપોર, નવસારી, ગુજરાત-૩૯૬૪૨૧ ખાતેની ઓફિસમાં તપાસી શકાય છે.

4 આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ આ નોટિસ પ્રકાશિત થયાની તારીખથી એકવીસ દિવસની અંદર ROC CRC, IICA BUILDING, ૬મો માળ, પ્લોટ નં. 6, 7 અને 8, SECTOR-5, IMT, માનેસર, ગુરુગ્રામ, હરિયાણા-122050 ને લેખિતમાં પોતાનો વાંધો જણાવી શકે છે, અને તેની નકલ કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં મોકલી શકે છે.

અરજદારનું નામ:

આ તારીખ : 7 માર્ચ, 2026

એસડી/-
શ્રી શ્વેતાંગ દોંગા,- ભાગીદાર
શ્રી કેતનભાઈ ઢોલરીયા - ભાગીદાર

### પશ્ચિમ રેલવે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો ચલાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થળ | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09029 | બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | 08.03.2026 | 00:05 hrs (રવિવાર) | 08:40 hrs (તેજ દિવસે) |
| 09030 | અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | 09.03.2026 | 03:20 hrs (સોમવાર) | 11:35 hrs (તેજ દિવસે) |
| હોલ્ટ : બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : ફસ્ટ એસી, એસી 2 ટાયર, એસી 3 ટાયર કોચીસ | | | | |
| 09044 | અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | 09.03.2026 | 03:50 hrs (સોમવાર) | 12:15 hrs (તેજ દિવસે) |
| 09043 | બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ (એસી સુપરફાસ્ટ સ્પેશિયલ) | 09.03.2026 | 14:30 hrs (સોમવાર) | 22:55 hrs (તેજ દિવસે) |
| હોલ્ટ : બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : એસી 3 ટાયર કોચીસ | | | | |
| 01154 | અમદાવાદ- છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ | 09.03.2026 | 04:00 hrs (સોમવાર) | 12:55 hrs (તેજ દિવસે) |
| 01153 | છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ- અમદાવાદ | 07.03.2026 | 22:05 hrs (શનિવાર) | 06:40 hrs (બીજા દિવસે) |
| હોલ્ટ : વડોદરા, સુરત, વસઈ રોડ, થાણે અને દાદર સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : એસી 3- ટાયર (ઈકોનોમી) કોચીસ | | | | |
| 01418 | અમદાવાદ - પૂણે | 09.03.2026 | 02:00 hrs (સોમવાર) | 12:10 hrs (તેજ દિવસે) |
| 01417 | પૂણે-અમદાવાદ | 07.03.2026 | 17:30 hrs (શનિવાર) | 05:30 hrs (બીજા દિવસે) |
| હોલ્ટ : વડોદરા, સુરત, વસઈ રોડ, કલ્યાણ અને લોનાવાલા સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : એસી 2 ટાયર, એસી 3 ટાયર, સ્લીપર અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |

સ્ટોપેજ, હોલ્ટના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકો છો.

ટ્રેન નંબર 09029, 09030, 09044, 09043, 01154 અને 01418 માટે બુકિંગ 07.03.2026થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો